البلاغ

AL-BALAG MONTHLY

જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર

# અલ-બલાગ

માસિક

નવેમ્બર ૨૦૨૪



માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| સાચી ગવાહીનો હુકમ | ૬ |
| મઆરિફુલ હદીસ | ૧૧ |
| અઝાન માટે લાઉડ સ્પીકર.. | ૧૭ |
| ગુનો કરનારને શકિત મુજબ રોકો.. | ૨૩ |
| ખલીફા મહેદી .. | ૨૬ |
| મહમૂદુલ ખસાઈલ | ૨૭ |
| ફતાવા વિભાગ | ૩૨ |
| બોધ કથા | ૩૫ |
| The Value of Wellness (Aafiyat) | ૩૬ |
| છેલ્લા પાને | ૩૮ |


ઝિંદગી એક કિરાયે કા ઘર હે
એક ન એક દિન બદલના પડેગા
મોત જબ તુજ કો આવાઝ દેગી
ઘર સે બાહર નિકલના પડેગા
કર લે ઈમાન સે દિલ કી સફાઈ
છોડ દે, છોડ દે તુ બુરાઈ
વકત બાકી હે અબ ભી સંભલ જા
વરના દોઝખ મેં જલના પડેગા.
પ્યાર સે સબ કો અપના બના લે
જિસ કદર હો સકે તુ દુઆ લે
મત આગ લગા નફરત કી નાદાન
વરના તુજ કો ભી જલના પડેગા


# અલ બલાગ
માસિક

માનદ તંત્રી :
મુફતી અહમદ દેવલ્વી

નવેમ્બર – ૨૦૨૪ ઈ.
જમાદિલ અવ્વલ – ૧૪૪૬ હિ.
વર્ષ – ૨૪, અંક – ૯
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦
છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al_Balag.php

*તંત્રી સ્થાનેથી ..*

પચાસ – સો વરસ પહેલાં મશીન ક્રાંતિ આવી ગઈ હતી, છતાં ટેકનોલોજી એટલી બધી વિકસીત ન હતી. ડીજીટલ ટેકનોલોજી હજી કલ્પનામાં જ હતી. ત્યારે સફરની મોટર હતી, વિમાનો હતાં, છતાં જીવન આજની જેમ ઉતાવળું ન હતું. લોકોમાં સાદગી હતી. જરૂરતો મર્યાદિત હતી. લોકો સફર ઓછી કરતા હતા, મહેમાન જતા તો પાંચ દસ દિવસ રહીને પાછા આવતા. લોકો શરીફ અને સજ્જન હતા. સાચાબોલા અને નિસ્વાર્થ હતા. એકબીજાની મદદ કરતા હતા. માહોલ અને વાતાવરણ એવું હતું કે બુરાઈ કરવી અઘરી હતી. અને બુરાઈને બુરાઈ જ સમજતા હતા. આજની જેમ ન હતું કે સ્વાર્થ હોય તો બુરાઈ કરવામાં પણ શરમ ન હોય. ટીવી તો હતી જ નહીં, અમુક લોકો રેડિયો રાખતા હતા. અને એને પણ કંઈક અંશે બુરું સમજવામાં આવતું હતું. મદરસાઓમાં રેડિયો રાખવો એટલો મોટો ગુનો હતો જેટલો આજે મોબાઈલ રાખવાનો પણ નથી. બે ગામો, શહેરોમાં રહેતા લોકો પણ પત્ર વડે એકબીજાના ખબર અંતર જાણતા હતા. દૂર દેશાવરમાં રહેતા લોકોના સમાચાર અને લેટર આવતાં તો ઘણી વાર લાગતી. ખુલાસો એટલો કે જીવન ઘણું શાંત અને ધીમું હતું.

આ શાંત જીવનમાં તોફાન કયારે આવ્યું ? આધુનિક ડીજીટલ ટેકનોલોજી આધારિત વસ્તુઓની શરૂઆત થઈ અને આખી દુનિયા બદલાય ગઈ. પહેલાં ઘરે ઘર રેડિયો આવ્યો. વિદેશથી કમાયને આવનાર પૈસા લાવવાના બદલે રેડિયો લાવતો, પછી ટીવીની શરૂઆત થઈ, પછી કેબલ નેટવર્ક આવ્યું અને ઘરે ઘર ટીવીનો અવાજ ગુંજવા લાગ્યો. લોકોની મનપસંદ સીરીયલ ચાલતી હોય કે રસાકસી વાળી મેચ હોય તો શહેરના ભરચક રસ્તાઓ પણ સુમસામ થઈ જતા. પછી કોમ્પયુટર અને ઈન્ટરનેટ આવ્યું. એટલે બારેમાસ ચોવીસે કલાક મનોરંજન હાથવગું થઈ ગયું. અને છેલ્લે મોબાઈલ, એમાં પણ સ્માર્ટ મોબાઈલે સંસ્કારો અને શાંત જીવનનો જનાઝો કાઢયો છે. મનોરંજનથી વધીને હવે વ્યાભિચાર બતાવવામાં આવે છે. સદઉપયોગ ઓછો અને બદમાશીઓ વધારે આચરવામાં આવે છે.

બેંકો વધી ગઈ, વ્યાજનો કારોબાર કરનારા છવાય ગયા. લોકોને સપના બતાવીને વ્યાજમાં જકડવામાં આવી રહયા છે. વ્યાજ લઈને કારોબાર કરો, બંગલા અને બિલ્ડીંગો બનાવો. કાર અને મોટર ખરીદો. આ શોખનું ચલણ

વધ્યું તો હવે લોકો વડીલોપાર્જિત મિલ્કતો વેચીને ભપકો સાચવે છે.

આજની સ્થિતિમાં જોઈએ તો લોકો પાસે ઘણું બધું હોવા છતાં સતોષ અને શાંતિ નથી. બેચેની છે. ભવિષ્યનો ભય છે. ગરીબીનો ખોફ છે. અવલાદની ચિંતા છે. જયારે ૫૦ – ૧૦૦ વરસ પહેલાં શાંતિ હતી. મોંઘવારી ન હતી. એક માણસની કમાણીથી બલકે થોડી અમથી ખેતીની જમીનથી કામ ચાલી જતું. અને ખેડૂતને તો બીજાની જમીન ખેડીને પણ કાફી થઈ જતું હતું. આજે દસ માણસોની કમાણી હોવા છતાં પૂરું નથી થતું.

પહેલાં લોકોની નિયતો સાફ હતી, બરકત હતી. આખિરતની ફિકર હતી. બાળકોની કેળવણી અને આખિરતની ફિકર સૌથી મોટી ફિકર હતી. નાના બાળકોને મા પાસેથી જ ઘણું શીખવા મળી જતું. બાળકોના મદરસા અને મસ્જિદની ફિકર મા કરતી હતી. સવારે લોકોના ઘરોમાંથી કુરઆનની અવાજ આવતી હતી. આજે સ્થિતિ આ છે કે રાતે સુતી વખતે પણ ટીવી કે મોબાઈલ જોઈને લોકો સુએ છે અને સવારે ઉઠતાં જ ટીવી કે મોબાઈલ ઓન કરવામાં આવે છે. આખી દુનિયાના સમાચારો અને ઘટનાઓની ચર્ચા થાય છે પણ ઘરમાં અવલાદ શું કરે છે એની ખબર પણ નથી.

એકાંતમાં બેસીની વિચારવાની જરૂરત છે કે કયાં ભૂલ કરી રહયા છીએ. કમાણી, નોકરી, વેપાર, બધું જ કરવું જોઈએ પણ દિલનું ચેન જતું રહે એવું કોઈ કામ ન કરવું જોઈએ.

અત્રે બે ત્રણ એવી વાતો લખવામાં આવે છે, જે આપણને શાંતિ અને સુકૂન આપવામાં ઉપયોગી થાય એવી છે.

આપણી પાસે જે કંઈ હોય, જેટલું હોય એનાથી સંતોષ માનીને રહેવું જોઈએ. ધંધો હોય, ખેતી હોય તો એને વધારવાની ફિકર કરવી ખોટી નથી, પણ જેટલો છે તે ધંધાની ફિકર ઓછી કરવી અને એને આગળ વધારવાની ફિકર વધારે કરવામાં દિલનું સુકૂન ખતમ થઈ જાય છે. માણસનું લક્ષ્ય બદલાય જાય છે, પછી આવા મકસદને પૂરા કરવા માણસ ખોટા કામો કરવા મજબૂર થઈ જાય છે.

અમાનતદારી હમેંશા સાચવી રાખવી જોઈએ. એના વગર બધું બેકાર છે. એમાં જ દુનિયા આખિરતની ભલાઈ છે. પોતાની આવનારી પેઢીને પણ અમાનતદારીનો સબક આપીને જવો જોઈએ. માણસને આવનારી પેઢીની ફિકર ઘણી હોય છે, પરંતુ દર બે ચાર પેઢીએ સંજોગો બદલતા રહે છે. માલ

આવતો જતો રહે છે. સારા અખ્લાક લાંબા ઝમાના સુધી ખાનદાનમાં રહી શકે છે પણ માલ રહેશે એની કોઈ ગેરંટી નથી.

આપણી આસપાસ જે લોકો જે વિષયમાં કાબેલ હોય એમની સલાહ લેવાની પરંપરા સાચવી રાખવી જોઈએ. એમાં એમનું સન્માન છે અને આપણને રાહત રહે છે. દોસ્તો કે સગાઓમાં આવા અનુભવી માણસોને અવગણવાનું વલણ વધી રહયું છે. સમાજમાં એનાથી પણ અસંતોષ અને નારાજગીની લાગણી વધી રહી છે.

તક મુજબ મળતું બધું જ, બધો જ નફો, પોતાના ગજવે ઘાલવાના બદલે થોડો બીજા પાસે પણ જવા દેવો જોઈએ. હોદ્દો અને નેતાગીરીમાં પણ આવું જ છે. ચુંટણીઓમાં પડવા માટે અને પડયા પછી જીતવા માટે લોકો છેલ્લી હદે જઈને જે થાય તે કરી લે છે, હવે તો મસ્જિદ કે કબ્રસ્તાન કમીટીના સભ્ય બનવા માટે પણ લોકો લડાલડી કરે છે. આ સ્થિતિમાં થોડું પરિવર્તન કરીને બીજાને આગળ કરીએ અને બહાર રહીને સહકાર કરીએ એવું વાતાવરણ ઉભું કરીએ. એનાથી આપણને પણ સંતોષ મળશે અને સમાજ આગળ આવશે.

છેલ્લી વાત આ છે કે પોતાના દોસ્ત, પોતાના સગા, પાડોશી, ઓળખીતાની સફળતા, ભલાઈ, નફો અને તરક્કીને પોતાની જ સમજીને એનાથી ખુશ થવું જોઈએ. જે કંઈ થઈ રહયું છે એ અલ્લાહ તઆલા તરફથી છે. આપણને કંઈ જરૂરત હોય તો અલ્લાહ તઆલા પાસે માંગવું જોઈએ અને અલ્લાહ તઆલા તરફથી તક મળે તો કોઈ હસદ કે હરિફાઈની ભાવના વગર એને અપનાવીને અલ્લાહનો શુક્ર અદા કરવો જોઈએ.

એકબીજા ઉપર વિશ્વાસ જરૂર રાખવો જોઈએ. કારણ વગર પોતાના દોસ્તો, પાડોશીઓ અને માર્કેટના હરીફોને પોતાના દુશ્મન ન સમજવા જોઈએ. જયાં સુધી થઈ શકે અમુક કામો સહિયારા અને ભાગીદારીના જરૂર કરવા જોઈએ. એનાથી દોસ્તી, વફાદારી અને સહકારના સંબંધો સચવાય રહેશે. સંબંધોમાં મીઠાશ રહેશે.

અને યાદ રાખો, જાહેરી રીતે આપણે અન્યો સાથે સદવર્તન કરી રહયા છીએ, પણ વાસ્તવમાં આ બધું કરીને આપણે પોતાને ફાયદો કરી રહયા છે. આ માહોલ બનશે તો આપણી સાથે કે આપણી અવલાદ સાથે પણ અન્યો આવું કરશે, કંઈ નહીં તો આવી બધી નેકીઓનો વ્યકિતગત રીતે સારો બદલો આપણને મળશે અને આખિરતનો બદલો તો છે જ.... ●

# સાચી ગવાહી, પાકા ઈમાન અને

## બે મોઢાના છુપા દુશ્મનોથી દૂર રહેવાનો હુકમ

– મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ بِالْقِسْطِ شُهَدَآءَ لِلّٰهِ وَلَوْ عَلٰۤى اَنْفُسِكُمْ اَوِ الْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ ۚ اِنْ يَّكُنْ غَنِيًّا اَوْ فَقِيْرًا فَاللّٰهُ اَوْلٰى بِهِمَا ۫ فَلَا تَتَّبِعُوا الْهَوٰۤى اَنْ تَعْدِلُوْا ۚ وَاِنْ تَلْوٗۤا اَوْ تُعْرِضُوْا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿۱۳۵﴾ يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِيْ نَزَّلَ عَلٰى رَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِيْۤ اَنْزَلَ مِنْ قَبْلُ ؕ وَمَنْ يَّكْفُرْ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ وَالْيَوْمِ الْاٰخِرِ فَقَدْ ضَلَّ ضَلٰلًا بَعِيْدًا ﴿۱۳۶﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ ازْدَادُوْا كُفْرًا لَّمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ سَبِيْلًا ﴿۱۳۷﴾ بَشِّرِ الْمُنٰفِقِيْنَ بِاَنَّ لَهُمْ عَذَابًا اَلِيْمَا ﴿۱۳۸﴾ الَّذِيْنَ يَتَّخِذُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ؕ اَيَبْتَغُوْنَ عِنْدَهُمُ الْعِزَّةَ فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ﴿۱۳۹﴾ وَقَدْ نَزَّلَ عَلَيْكُمْ فِي الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا وَيُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ حَتّٰى يَخُوْضُوْا فِيْ حَدِيْثٍ غَيْرِهٖۤ ۖ اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ ؕ اِنَّ اللّٰهَ جَامِعُ الْمُنٰفِقِيْنَ وَالْكٰفِرِيْنَ فِيْ جَهَنَّمَ جَمِيْعًا ﴿۱۴۰﴾ الَّذِيْنَ يَتَرَبَّصُوْنَ بِكُمْ ۚ فَاِنْ كَانَ لَكُمْ فَتْحٌ مِّنَ اللّٰهِ قَالُوْۤا اَلَمْ نَكُنْ مَّعَكُمْ ۖ وَاِنْ كَانَ لِلْكٰفِرِيْنَ نَصِيْبٌ ۙ قَالُوْۤا اَلَمْ نَسْتَحْوِذْ عَلَيْكُمْ وَنَمْنَعْكُمْ مِّنَ الْمُؤْمِنِيْنَ ؕ فَاللّٰهُ يَحْكُمُ بَيْنَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَلَنْ يَّجْعَلَ اللّٰهُ لِلْكٰفِرِيْنَ عَلَى الْمُؤْمِنِيْنَ سَبِيْلًا ﴿۱۴۱﴾

તરજમહ : હે ઈમાનવાળાઓ ! ઈન્સાફ પર અડગ રહેનાર, અલ્લાહ ખાતર ગવાહી આપનાર બનો. ચાહે ગવાહી પોતાના કે મા – બાપ કે રિશ્તેદારો વિરુદ્ધ આપવાની હોય. (અને) ચાહે તે માલદાર હોય કે ગરીબ, અલ્લાહ તે બંનેનો વધુ હિતેચ્છુ છે. માટે તમે ઈન્સાફ કરવામાં તમારી મનેચ્છાને તાબે ન થાઓ. અને જો તમે વાંકી વાત કરશો કે અનદેખી કરશો તો બેશક અલ્લાહ તમે જે કંઈ કરો છો એ બધાથી ખૂબ વાકિફ છે.(૧૩૫) હે ઈમાનવાળાઓ ! અલ્લાહ ઉપર અને તેના રસૂલ ઉપર અને જે કિતાબ અલ્લાહે પોતાના રસૂલ પર ઉતારી છે તેના ઉપર તથા જે કિતાબ આ પહેલાં (અન્ય નબીઓ ઉપર) ઉતારી હતી તેના ઉપર (પણ ઈમાન (યકીન) લાવો. અને જે માણસ અલ્લાહના ઈન્કાર કરશે, તથા તેના ફરિશ્તાઓ, તેની કિતાબો તેમજ તેમજ તેના રસૂલો તથા કિયામતના દિવસનો ઈન્કાર કરશે (ઈમાન નહીં લાવે) તો તે માણસ દૂરની ગુમરાહીમાં જઈ પડયો

છે. (૧૩૬) બેશક જે લોકો ઈમાન લાવ્યા, પછી કાફિર થઈ ગયા, પાછા ઈમાન લાવ્યા (અને) પાછા કાફિર થઈ ગયા, પછી કુફ્રમાં આગળ વધી ગયા તો અલ્લાહ તેમને કદી માફ નહીં કરશે અને હવે તેમને હિદાયતની રાહ પણ નહીં બતાવે. (૧૩૭) (હે નબી !) આવા મુનાફિકોને ખુશખબરી સંભળાવી દયો કે તેમના માટે દર્દનાક અઝાબ નક્કી છે.(૧૩૮) આ તે લોકો છે જેઓ મુસલમાનોને છોડીને કાફિરોને પોતાના દોસ્ત બનાવે છે, શું તેઓ એમની પાસે ઈઝઝત શોધે છે, જયારે કે સઘળી ઈઝઝત અલ્લાહના હાથમાં છે. (૧૩૯) અને બેશક અલ્લાહ તમારા ઉપર કુર્આનમાં આ હુકમ ઉતારી ચૂક્યો છે કે જયારે તમે સાંભળો કે અલ્લાહની આયતોનો ઈન્કાર થઈ રહયો છે અને તેની મઝાક ઉડાવવામાં આવી રહી છે તો એવા લોકો સાથે ન બેસો, જયાં સુધી કે તેઓ બીજી કોઈ વાતમાં લાગી જાય, નહિંતર તમે પણ તમે પણ નક્કી એમના જેવા જ ગણાશો. બેશક, અલ્લાહ બધા મુનાફિકો અને કાફિરોને જહન્નમમાં ભેગા કરશે. (૧૪૦) આ લોકો તમારી તાકમાં રહે છે, જો તમને અલ્લાહ તરફથી ફતેહ મળે છે તો કહેવા લાગે છે કે શું અમે તમારી સાથે ન હતા અને જો શત્રુ કાફિરોને કંઈક મળે છે તો (એમને) કહે છે કે શું અમે તમને ઘેર્યા ન હતા અને મુસલમાનોથી તમને બચાવ્યા ન હતા ? અલ્લાહ તમારી વચ્ચે (આ બધાનો) કિયામતના દિવસે ફેસલો કરશે અને અલ્લાહ કાફિરોને મુસલમાનો ઉપરકદી પણ પ્રભુત્વ નહીં આપે. (૧૪૧)

તફસીર : ઉપરોકત આયતોમાં મુસલમાનોને અમુક વિશેષ હુકમ બતાવવામાં આવ્યા છે, પછી મુનાફિકોનું વર્ણન છે.

પ્રથમ આયતમાં ઝઘડાઓમાં કોઈ એક પક્ષ તરફે ગવાહો દ્વારા જે ગવાહી કે નિવેદન આપવામાં આવવામાં આવે છે, એના નિયમો – ઉસૂલોનું વર્ણન છે. પાછળની આયતોમાં પતિ – પત્નિના ઝઘડાઓનું વર્ણન હતું. એમના માંહે કંકાશ થાય તો એને હલ કરવાના તરીકાઓ પણ વર્ણવવામાં આવ્યા હતા, વિશેષ કરીને બંને કુટુંબો તરફની એક એક મધ્યસ્થી દ્વારા ઉકેલ લાવવાની તાકીદ અલ્લાહ તઆલાએ કરી છે. ઉપરોકત નિયમનો આ બાબતેથી સીધો સંબંધ છે. કારણ કે આવા કંકાશ વેળા બંને કુટુંબના લોકો પોત પોતાના સગાનો પક્ષ લે છે. ન્યાયની વાત કરતા નથી, એટલે ઝઘડાનો સહી ઉકેલ આવતો નથી અને દુશ્મની વધે છે.

આયતમાં અલ્લાહ તઆલાએ આદેશ આપ્યો છે કે ગવાહીમાં બે વસ્તુઓ મહત્વની છે. ગવાહી અલ્લાહને સામે રાખીને આપવાની છે, પોતાના સંબંધ જોવાના નથી અને બીજી વાત આ કે ગવાહી ન્યાય મુજબ આપવાની છે. ખોટાને ખોટો કહેવાનો અને સાચાને સાચો. ચાહે પછી પોતાના મા – બાપ કે સગાઓને કે પોતાને જ ખોટો કહેવાનો થાય તો સચ્ચાઈ પુર્વક એનો એકરાર કરવામાં આવે. ગરીબ કે માલદાર હોવાથી પણ કોઈ ફેર પડતો નથી. કોઈ ગરીબના વિરુદ્ધ ગવાહી આપવાની થાય તો ફકત એની ગરીબાઈ વિચારીને એને સજા કે દંડથી બચાવવા ખોટી ગવાહી પણ ગુનો છે. ગરીબની આવી ફિકર આપણે કરવાની જરૂરત નથી. લોકોને ગરીબી અને માલદારી અલ્લાહને હવાલે છે. ન્યાય બાબતે માણસે આવી બધી પોતાની ખ્વાહિશો કે સ્વાર્થને સામે રાખવા ગુનાહનું કામ છે.

સાચી ગવાહી આપવામાં પોતાને કે પોતાના સંબંધીને નુકસાન થતું હોય તો ઘણા માણસો એમાંથી છટકવાની કોશિશ કરે છે, કોઈ હકીકત અને તથ્યોમાં હેર ફેર કરે છે અથવા ગોળમોળ ગવાહી આપે છે અથવા ગવાહી આપવાથી કતરાય છે કાં ઈન્કાર કરે છે. આ આયતમાં આવું કરવાની પણ સ્પષ્ટ મનાઈ છે.

બીજી આયતમાં પૂર્ણ રીતે અલ્લાહ ઉપર, રસૂલ ઉપર અને અલ્લાહ તઆલાએ ઉતારેલ બધી કિતાબો ઉપર ઈમાન લાવવાનો હુકમ છે. જે કિતાબ અલ્લાહ તઆલાએ હઝ. મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર ઉતારી છે એટલે કે કુરઆન અને એના પહેલાં બીજા નબીઓ ઉપર ઉતારવામાં આવેલ કિતાબોનું અલગ વર્ણન કરીને સ્પષ્ટ રીતે ઈમાન લાવવાની તાકીદ કરવામાં આવી છે. આમ એટલા માટે કે મદીનામાં વસતા યહૂદીઓ એમની પાસે મોજૂબ તવરાત ઉપર ઈમાન ધરાવતા હતા, એટલે એમ કહેતા હતા કે અમે તો અલ્લાહની કિતાબ ઉપર ઈમાન રાખીએ જ છીએ, એટલે અલ્લાહ તઆલાએ અલગ અલગ કરીને બધી જ કિતાબો ઉપર ઈમાન રાખવાની તાકીદ કરી છે. અને જે કોઈ અલ્લાહ ઉપર કે એના રસૂલ મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર કે અન્ય રસૂલો ઉપર કે કિતાબો કે ફરિશ્તાઓ ઉપર ઈમાન ધરાવતો ન હોય એ પૂરો ગુમરાહ ગણાશે.

હવે પછીની પાંચ આયતોમાં મુનાફિકોનું કંઈક વિસ્તારથી વર્ણન છે. પ્રથમ એમની વારંવારની ગદ્દારીનું વર્ણન છે. પછી એમની બે મોટી શરારતોનું વર્ણન છે.

ગદ્દારીની વિગત આ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મદીના આવ્યા તે પહેલાં મદીના ખાતે અબ્દુલ્લાહ બિન ઉબય નામના એક ચાલાક માણસે મદીનાના સરદાર બનવાની તૈયારીઓ પૂરી કરી લીધી હતી, એવામાં મુસલમાનોનું આગમન થયું અને ઘણા લોકો મુસલમાન થઈ ગયા એટલે એનો મનસૂબો અધૂરો રહી ગયો, એણે થોડો સમય રાહ જોવાનું નક્કી કર્યું, એને એમ હતું કે ઈસ્લામનો ઉભરો થોડા સમયમાં શાંત થઈ જશે અને મુસલમાનો બધા વિખેરાય જશે એટલે પોતાનો મનસૂબો પાર પાડશે. પણ મદીના આવ્યાના બીજા જ વરસે બદરની લડાઈમાં મક્કાના શત્રુઓ સામે મુસલમાનોની જીત થઈ એટલે એને થયું કે આ લોકો મજબૂત થઈ રહયા છે અને એમનાથી દૂર રહીને કંઈ કરી શકાશે નહીં એટલે પોતાના ગ્રુપ સાથે એણે ઈસ્લામ સ્વીકારનું એલાન કર્યું, પછીના વરસે ઉહદ મુકામે લડાઈના સંજોગો ઉભા થયા અને એણે જોયું કે આ મુસલમાનોને ધોકો આપીને એમને ખતમ કરી શકાય એમ છે એટલે ગદ્દારી કરીને લડાઈના મેદાનેથી એના ગ્રુપ સાથે પાછો વળી ગયો. આ લડાઈમાં મુસલમાનોને થોડું નુકસાન થયું પણ શકિત બચાવીને પાછા મદીના આવી ગયા એટલે ફરી પાછો ડાહયો બની ગયો. પછી જયારે મોકો મળ્યો તો ફરી મુસલમાનોને મદીનામાંથી કાઢી મુકવાની વાત કરી, હઝરત આઈશહ રદિ. ઉપર તોહમત મુકી.. આમ છેલ્લે એ ફરી ગયો અને પછી કુફ્ર અને ઈસ્લામ દુશ્મનીમાં આગળ જ વધતો રહયો. એટલે અલ્લાહ તઆલાએ આવા લોકો માટે એલાન કરી દીધું કે હવે અલ્લાહ તઆલા એને કદી હિદાયત નહીં આપે અને એની મગફિરત પણ નહીં કરે.

પછી અલ્લાહ તઆલા એમની બે શરારતોનું વર્ણન કરે છે અને પહેલાં જ ફરમાવી દે છે કે આ મુનાફિકોને દર્દનાક અઝાબની 'ખુશખબરી' સંભળાવી દો, અહિંયા દુનિયામાં તમારા મુસલમાનોના વિરુદ્ધ ભારે શરારતો કરે છે. એક આ શરારત કરે છે કે પોતે મુસલમાન હોવાનો ડોળ કરીને મુસલમાનોને છોડીને શત્રુ કાફિરો સાથે દોસ્તી કરે છે. એમનો આશય એવો છે કે મક્કાના દુશ્મનો

પણ એમને માન સન્માન આપે, અને બંને પક્ષે તેઓ સન્માન મેળવે અને આવી રીતે બંને પક્ષોને પોતાની મરજી મુજબ રમાડે. પણ અલ્લાહ તઆલા ફરમાવે છે કે ઈઝઝત બધી અલ્લાહના હાથમાં છે. અલ્લાહ અને એના બંદાઓ સાથે દગો કરીને ઈઝઝત શું મળવાની હતી ? દુશ્મનો સાથે દોસ્તી કરવાની આ ચેષ્ટા એટલા માટે પણ ખોટી છે કે અલ્લાહ તઆલા અગાઉ આ હુકમ ફરમાવી ચુકયા છે કે જે લોકો અલ્લાહ તઆલાની આયતો અને આદેશોનો ઈન્કાર કરતા હોય અને મશ્કરી કરતા હોય એમની સાથે બેસવું નહીં, અને કોઈ કામ અર્થે એમની સાથે બેસવાનું થાય તો જયારે તેઓ આયતોનો ઈન્કાર કરે કે કુરઆન કે ઈસ્લામની કોઈ બાબતની મશ્કરી કરી તો જયાં સુધી વાતનો વિષય બદલાય નહીં ત્યાં સુધી એમની સાથે બેસવું નહીં. પણ આ લોકો એના ઉપર અમલ કરતા નથી. સ્પષ્ટ છે કે આવી સ્થિતિમાં તેઓ પણ કાફિરોની જેમ મુસલમાનોના દુશ્મન ગણાશે.

દુનિયામાં આમ ઈસ્લામના દુશ્મનો સાથે મીઠો સંબંધ રાખવાની સજા એ હશે કે અલ્લાહ તઆલા જહન્નમાં પણ એમને ભેગા રાખશે.

બીજી શરારત આ છે કે તેઓ હમેંશા તકનો લાભ ઉઠાવવાની ફિકરમાં રહે છે, જો મુસલમાનોને કોઈ લાભ મળે, લડાઈમાં જીત અને માલ હાથમાં આવે તો મુસલમાનો પાસે આવીને કહે છે કે અમે પણ તમારા સહયોગી અને મુસલમાન છીએ, આપણા બધાની ભેગી શકિત થકી આ જીત મળી છે એટલે માલ – મતામાં અમને પણ ભાગીદાર ગણો. અને જો કોઈ વેળા દુશ્મનો ફાવી જાય અને મુસલમાનોને કંઈ નુકસાન થાય તો એમની પાસે જઈને કહે છે કે અમે ચારે બાજુએથી દૂર રહીને તમારી હિફાઝત કરતા હતા, મુસલમાનો તમારા ઉપર હુમલો ન કરી શકે એની તકેદારી રાખી રહયા હતા.

અલ્લાહ તઆલા ફરમાવે કે આ દોગલા અને બે મોઢાના ગદ્દાર લોકોનો કયામતના દિવસે હિસાબ કરવામાં આવશે. પણ એટલું નક્કી છે કે આ બધા ખુલ્લા દુશ્મનો અને છુપા દુશ્મનો ગમે તે કરી લે, મુસલમાનો ઉપર અલ્લાહ તઆલા શત્રુઓને વર્ચસ્વ કદી નહીં આપે.

———————————————

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

*અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

૧૮૭ *(બ્લેકબર્ન. યુ.કે.)*

## કુર્આન શિખવનાર અને શિખનાર

(٣٦) عَنْ عُثْمَانَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ خَيْرُكُمْ مَنْ تَعَلَّمَ الْقُرْآنَ وَعَلَّمَه (البخاری)

હઝરત ઉસ્માન રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું તમારામાં સૌથી સારો અને અફઝલ તે માણસ છે. જે કુર્આન શીખે, અને બીજાઓને શિખવાડે. (બુખારી શરીફ)

ખુલાસો :– કુર્આનપાકને અલ્લાહ તઆલાનું કલામ હોવાની હૈસિયતથી જયારે બીજા કલામો પર આટલી બધી મહત્વતા અને બુઝુર્ગી પ્રાપ્ત છે. જેમ કે અલ્લાહ તઆલાને તેની મખ્લૂક પર પ્રાપ્ત છે. તો સ્પષ્ટ છે કે તેનું શિખવું શિખવાડવું બીજા બધા કામો કરતાં વધુ અફઝલ અને અશરફ હશે તે સિવાય આ એક હકીકત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો સૌથી ઉત્તમ પયગમ્બરી વજીફો વહી મારફત કુર્આન પાકને અલ્લાહ તઆલા પાસેથી મેળવી તેની હિકમતને સમજી બીજાઓ સુધી પહોંચાડવું અને તેને શિખવવાને હતો. જેથી હવે કયામત સુધી જે કોઈ કુર્આન પાકને શિખવા શિખવવાને પોતાનું કામ અને વજીફો બનાવશે તે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ખાસ મિશનનો ધ્વજ ધારી અને ખાદીમ હશે. અને તેને હુઝુર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે ખાસ સંબંધ હશે એ કારણે કુર્આનનો વિદ્યાર્થી અને તેઓ શિક્ષકે સૌથી અફઝલ અને અશરફ હોવું જ જોઈએ. પરંતુ એ ત્યારે જ થશે જયારે કુર્આન પાક શિખવું શિખવવું ઈખ્લાસ સાથે અને અલ્લાહ માટે હોય. જો બદકિસ્મતીથી કોઈ દુનિયાની લાલચ માટે શિખવા શિખવવાને કોઈ પોતાનો ધંધો બનાવશે. તો હદીસપાકમાં છે કે તે

એવા બદનસીબોમાંથી હશે જે સૌથી પહેલા જહન્નમમાં નાંખવામાં આવશે. અને તેનું પહેલું બરતણ બનશે. (આ હદીસ સહીહ મુસ્લિમના હવાલાથી મઆરિફના બીજા ભાગની છેલ્લે ટાંકવામાં આવી છે.)

## કુર્આન પર અમલ કરનાર ઉપર રશ્ક બરહક છે

(٣٧) عَنْ اِبْنِ عُمَرَ ؓ لَاحَسَدَ اِلَّا عَلٰى اِثْنَيْنِ رَجُلٌ آتَاهُ اللّٰهُ الْقُرْآنَ فَهُوَ يَقُوْمُ بِهٖ آنَاءَ اللَّيْلِ وَآنَاءَ النَّهَارِ وَرَجُلٌ آتَاهُ اللّٰهُ مَالاً فَهُوَ يُنْفِقُ مِنْهُ آنَاءَ اللَّيْلِ وَآنَاءَ النَّهَارِ۔ (رواه البخارى ومسلم)

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : ફકત બે માણસ રશ્ક કરવા લાયક છે. (અને તેમના ઉપર રશ્ક થવો બરહક છે) એક તે માણસ જેને અલ્લાહ તઆલાએ કુર્આનની નેઅમત અર્પણ કરી અને તે રાત દિવસ તેમાં લાગેલો રહે છે. અને બીજો તે ખુશનસીબ માણસ જેને અલ્લાહ તઆલાએ માલ દોલતથી માલામાલ કર્યા, અને તે રાત દિવસ અલ્લાહ તઆલાના રસ્તામાં ખર્ચ કરતો રહે છે.

ખુલાસો :– રાત દિવસ કુર્આન પાકમાં ગુથાયલ રહેવાની વિવિધ રીતો છે. એક એ કે તેને શિખવા શિખવવામાં લાગેલો રહે છે. બીજુ એ કે નમાઝમાં અને નમાઝ વગર તેની તિલાવત કરતો રહે છે. ત્રીજુ ફિકર અને પાબંદી સાથે તેના હુકમો અને સુચનો પર અમલ કરતો રહે છે. હદીસના શબ્દો " فهو يقُومُ بهٖ آنــاءَ لّــليلِ وآنــاءِ النّهــارِ " આવા પ્રકારની દરેક રીતો પર છવાયલા છે. કુર્આનપાકની મહાન નેઅમતનો શુક્રીયા એ જ છે કે બંદો તેને પોતાની મશ્ગુલી તેમ જીવન જીવવાનો ફાયદો બનાવી લે.

## કુર્આનના ખાસ હક્કો

(٣٨) عَنْ عُبَيْدَةَ الْمُلَيْكِى اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ قَالَ يَا اَهْلَ الْقُرْآن لَاتَتَوَسَّدُوْا الْقُرْآنَ وَاتْلُوْهُ حَقَّ تِلَاوَتِهٖ مِنْ آنَاءِ اللَّيْلِ وَالنَّهَارِ وَافْشُوْهُ وَتَغَنَّوْهُ وَتَدَبَّرُوْا فِيْهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ وَلَا تَعَجَّلُوْا ثَوَابَهٗ فَاِنَّ لَهٗ ثَوَاباً۔ (البيهقى فى شعب الايمان)

હજરત ઉબૈદહ મુલૈકી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું એય કુર્આન વાળાઓ ! કુર્આનને તમારો ટેકો

અને આધાર ન બનાવો. હા રાત દિવસના વખતોમાં તેની તિલાવત કર્યા કરો, જેવો તેનો હક છે. અને તેનો પ્રચાર કરો, અને તેને લગનથી અને મજા લઈ પઢયા કરો. તેમાં વિચાર કરો, આશા રાખો કે તમારો તેનાથી ઉધ્ધાર થશે. અને તેનો જલ્દી ફાયદો મેળવવાની ફિકર ન કરો. અલ્લાહ તઆલા તરફથી તેનો મહાન બદલો અને સવાબ (તેના સમયપર) મળવાનો જ છે.

ખુલાસો :– હદીસનો અર્થ એ છે કે અલ્લાહ તઆલાએ તેના જે બંદાઓને કુર્આનની દોલત અર્પણ કરી છે. તે તેના જ ઉપર ભરોષો કરી બેસી ન રહે કે અમારી પાસે કુર્આન છે. અને અમે કુર્આન વાળા છીએ. હા ! તેમને કુર્આનના હકો અદા કરવા જોઈએ. રાત દિવસના સમયમાં તેના હકો મુજબ તિલાવત કરવી જોઈએ તેને અને તેના સીધા માર્ગનો સંદેશ બીજાઓ સુધી પહોંચાડે તેને મજા લઈ પઢતા રહે, તેના હુકમો અને સુચનો તેના કિસ્સા અને નસીહતો પર ખૂબ વિચાર કરે. જો તેમણે એવું કર્યુ તો તેમની સફળતાની પુરી આશા છે. કુર્આન પઢવા પઢાવવા અને તેની સેવાનો બદલો દુનિયામાં જ ન ઈચ્છે અલ્લાહ તઆલા તરફથી તેમને તેના સમય પર તેનો મહામુલ્ય બદલો અને મહાન ફાયદો મળશે જ.

## કુર્આન અને કોમોની ચઢતી અને પડતી

(٣٩) عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ اللّٰهَ يَرْفَعُ بِهٰذَا الْكِتَابِ اَقْوَاماً وَيَضَعُ بِهِ آخَرِيْنَ۔ (رواه مسلم)

હઝરત ઉમર બિન ખત્તાબ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલા આ કિતાબ (કુર્આન પાક)ના કારણે ઘણાઓને ઉચા કરી દે છે. અને ઘણાઓને નીચે ફેંકી દે છે. (મુસ્લિમ શરીફ)

ખુલાસો :– કુર્આન પાક અલ્લાહ તઆલાનો મહાન ગુણ અને બંદાઓ માટે તેનું ફરમાન અને અહદનામું છે. તેની સાથે વફાદારી અને તાબેદારી અલ્લાહ તઆલા સાથે વફાદારી અને તાબેદારી છે. એ જ પ્રમાણે તેનાથી પીઠ ફેરવવી અને વિરોધ કરવો અલ્લાહ તઆલાથી પીઠ ફેરવવી અને નાફરમાની છે. અને અલ્લાહ તઆલાનો ફેંસલો છે કે જે કોમ અને જે ઉમ્મત ભલે ને ગમે તે વંશની હોય, તેનો કોઈ પણ રંગ હોય, કોઈ પણ ભાષા હોય કુર્આન પાકને પોતાનો રેહનુમા (રસ્તો બતાવનાર) બનાવી પોતાને તેનો તાબેદાર બનાવી

તેની સાથે તે સંબંધ રાખશે જે અલ્લાહ તઆલાનું કલામ હોવાની રીતે તેનો હક છે. તો અલ્લાહ તઆલા તેને દુનિયા અને આખિરતમાં ઉચો કરશે. તેની વિરોધ જે કોમ અને ઉમ્મત તેનાથી પીઠ ફેરવી તેની નાફરમાની કરશે. તે ભલે ચડતીના આકાશ પર હશે. છતાં તેને નીચે ફેંકી દેવામાં આવશે.

ઈસ્લામ અને મુસલમાનો જે ઈતિહાસ આ હદીસની સચ્ચાઈનો શાક્ષી અને અલ્લાહ તઆલાના ફેંસલાનું પ્રતિબિંબ છે. આ હદીસમાં "અકવામન"ના શબ્દ દ્વારા ઈશારો છે કે ચઢતી અને પડતીના આ કુદરતી કાયદાનો સંબંધ અલગતાવાદા સાથે નથી પણ કોમો અને ઉમ્મતો સાથે છે.(વલ્લાહુ અઅલમ)

***<u>કુર્આનની તિલાવતનો સવાબ</u>***

(٤٠) عَنْ اِبْنِ مَسْعُوْدٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ قَرَأَ حَرْفاً مِنْ كِتَابِ اللّٰهِ فَلَهٗ بِهٖ حَسَنَةٌ وَالْحَسَنَةُ بِعَشْرِ اَمْثَالِهَا لَا اَقُوْلُ "آلٓم" حَرْف، اَلِفْ حَرْف وَلَام حَرْف وَمِيْم حَرْف۔ (رواه الترمذی والدارمی)

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું જેણે કુર્આન પાકનો એક અક્ષર પઢયો, તેણે એક નેકી કમાય લીધી. અને આ એક નેકી અલ્લાહના કરમના ફાયદા મુજબ દસ નેકીઓ બરાબર છે. વધુ ખુલાસા માટે આપ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યું) હું નથી કહે તો (એટલે મારો ભાવાર્થ એ નથી) કે અલીફ લામ મીમ એક અક્ષર છે. પણ અલીફ એક અક્ષર છે. લામ એક અક્ષર છે. અને મીમ એક અક્ષર છે. (એ રીતે અલીફ લામ મીમ પઢનાર બંદો ત્રીસ નેકીઓ બરાબર સવાબ મેળવવાનો હકદાર થઈ જશે. (તિર્મિઝી, દારમી)

ખુલાસો :– અલ્લાહ તઆલાની કરીમીના કાયદા મુજબ એક નેકી કરનારને દસ નેકીઓ બરાબર સવાબ અર્પણ થશે. ખુલ્લી રીતે કુર્આનમાં પણ વર્ણન કરવામાં આવ્યું છે. સૂરએ અન્આમમાં ઈર્શાદ છે.

مَنْ جآءَ بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا۔ (الانعام: ع ٢٠)

જે બંદો એક નેકી લઈને આવશે તેને એવી બીજી દસ નેકીઓનો સવાબ આપવામાં આવશે.

ઉપરોકત હદીસમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઉમ્મતને ખુશ ખબરી સંભળાવી છે કે જે બંદો ઈખ્લાસ સાથે કુર્આન પાકની તિલાવત કરશે. તો હુરૂફેતહજ્જીના દરેક હરફ (અક્ષર) ની તિલાવત એક નેકી

ગણાશે. જે સવાબના આધારે દસ નેકીઓ બરાબર હશે. એ જ હદીસની બૈહકીની રિવાયતમાં છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે હું નથી કહે તો બિસ્મિલ્લાહ એક હરફ છે. પણ બા એક અક્ષર છે સીન એક અક્ષર છે. મીમ એક અક્ષર છે. અને હું એવું નથી કહેતો કે અલી લામ મીમ એક અક્ષર છે. પણ અલીફ લામ મીમ અગલ અલગ અક્ષરો છે. અલ્લાહ પાક યકીનની દોલત અર્પણ કરે. આ હદીસમાં કલામે પાકની તિલાવત કરનાર માટે ઘણી મોટી ખુશખબરી છે.

આ હદીસથી એક ખુલ્લો ઈશારો એ પણ મળ્યો કે કુર્આને પાકની તિલાવત પર સવાબ માટે જરૂરી નથી કે તે તિલાવતનો અર્થ અને ભાવાર્થ સમજતો હોય, કેમકે "અલિફ લામ મીમ" અને બધા જ હુરૂફે મુકત્તઆતની તિલાવત અર્થ અને ભાવાર્થ વગર જ કરવામાં આવે છે. અને હદીસે સાફ બતાવ્યું કે એ અક્ષરોની તિલાવત કરનારને પણ દરેક અક્ષર પર દસ નેકીઓનો સવાબ મળશે. (વલ્લાહુ અઅલમ)

## કુર્આનની તિલાવત દિલની સફાઈ

(٤١) عَنْ اِبْنِ عُمَرؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ هٰذِهِ الْقُلُوْبَ تَصْدَأُ كَمَا يَصْدَأُ الْحَدِيْدُ اِذَا اَصَابَهُ الْمَاءُ قِيْلَ يَارَسُوْلَ اللّٰهِ مَاجِلَاءُ هَا قَالَ كَثْرَةُ ذِكْرِ الْمَوْتِ وَتِلَاوَةُ الْقُرْآنِ۔ (رواه البيهقى فى شعب الايمان)

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : આદમની અવલાદના દિલો પર એવો જ કાટ આવી જાય છે જેવો પાણી લાગવાથી લોખંડ પર કાટ આવી જાય છે. અરજ કરવામાં આવી કે હુઝૂર ! દિલોના કાટને સાફ કરવાનું શું સાધન છે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે મૃત્યુને વધુ યાદ કરવું અને કુર્આન પાકની તિલાવત. (બૈહકી)

ખુલાસો :– દિલનો કાટ એ છે કે તે અલ્લાહ તઆલાથી અને આખિરતના પરિણામથી વંચિત અને બેફિકર થઈ જાય, આ જ નાના મોટા ગુનાહોની જડ અને પાપો છે. ખચીત એ બિમારીની અકસીર દવા એ જ છે કે પોતાની મૃત્યુને વધુથી વધુ યાદ કરવામાં આવે. તેનું ધ્યાન અને મનન કરવામાં આવે. અને કુર્આન પાકની અઝમત અને અલ્લાહ તઆલા સાથે તેના ખાસ સંબંધને

ધ્યાનમાં રાખી અદબ અને ઈખ્લાસ સાથે તેની તિલાવત કરવામાં આવે, જો એ તિલાવત અલ્લાહ તઆલાની તોફિકથી શોખ અને ધ્યાન મનન સાથે કરવામાં આવશે તો ઈન્શા અલ્લાહ દિલના કાટને દૂર કરી તેને નૂરથી ભરી આપશે. અલ્લાહ તઆલા નસીબ ફરમાવે. આમીન....

**કુર્આનના અનુભવીનું સ્થાન**

(٤٢) عَنْ عَائِشَةَ قَالَتْ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْمَاهِرُ بِالْقُرْآنِ مَعَ السَّفَرَةِ الْكِرَامِ الْبَرَرَةِ وَالَّذِى يَقْرَءُ الْقُرْآنَ وَيَتَتَعْتَعُ فِيْهِ وَهُوَ عَلَيْهِ شَاقٌّ لَهٗ اَجْرَانِ۔

(رواه البخاری ومسلم)

હઝરત આયશા સિદ્દીકા રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું જે કુર્આનમાં પાવરધો થઈ ગયો, (અને તેના કારણે તે તેને હિફઝ અથવા નાઝરા સારી રીતે અને વિના સંકોચે ઝડપથી પઢતો હોય) તે ઈઝઝતદાર, વફાદાર, અને તાબેદાર ફરિશ્તાઓ સાથે હશે અને જે બંદો કુર્આન પાક (સારી રીતે યાદ અને ઝડપ ન હોવાના કારણે તકલીફ અને મુશ્કેલીથી) એવી રીતે પઢતો હોય કે તેમાં અટકતો હોય તો તેને બે અજર મળશે. (એક તિલાવતનો બીજો તકલીફ અને મુશ્કેલીનો)

ખુલાસો :– આ હદીસમાં "સફરહ"નો શબ્દ છે તેનાથી ઘણા હદીસ વેત્તાઓએ વહી ઉઠાવનાર ફરિશ્તાઓ માન્યા છે. અને અમૂક બુઝુર્ગોએ તેનાથી નબીઓ અને રસૂલો અલૈ. માન્યા છે. ને શાબ્દીક પરિભાષામાં એ બન્ને અર્થો ઘટે છે. હદીસનો ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાના જે બંદાઓ કુર્આનને અલ્લાહ તઆલાનું કલામ માની તેની સાથે સંબંધ જોડી વધુ તિલાવત અને વ્યવસ્થીત સંબંધના કારણે કુર્આન પાક સાથે ખાસ નિસ્બત અને અનુભવ પ્રાપ્ત થઈ જાય તેમને નબીઓ, રસૂલો, અથવા ખાસ વહી ઉઠાવનાર ફરિશ્તાઓનો સંગ અને સાથ પ્રાપ્ત થશે. અને જે ઈમાનવાળા બંદાઓની હાલત એવી હોય કે સલાહિય્યત અને સંબંધની કમીના કારણે તેઓ કુર્આનને ઝડપભેર પઢી શકતા ન હોય, પણ મુશ્કેલી સાથે અને અટકી અટકી પઢતા હોય, તે છતાં સવાબની આશાએ તિલાવત કરતા હોય, તેમને તિલાવતના સવાબ સિવાય તે તકલીફ અને મુશ્કેલીનો પણ સવાબ મળશે. જેથી તેમણે પોતાની એ હાલતના કારણે નાઉમ્મીદ ન થવું જોઈએ. • • •

# અઝાન માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ

ઈસ્લામમાં અઝાનનું ઘણું મહત્વ છે. કારણ કે અઝાન એક રીતે નમાઝના સમયનું એલાન છે તો બીજી રીતે એક ઈબાદતની હેસિયત પણ ધરાવે છે. ઈસ્લામ પૂર્વેથી ઈબાદત માટે ભેગા થવાનો રિવાજ દરેક ધર્મમાં ચાલતો આવે છે, પણ ઈબાદતનું એલાન અને સમયની જાણ કરવા માટે વિવિધ તરીકાઓ પ્રચલિત હતા. કોઈ ધર્મમાં ઘંટી વગાડવામાં આવતી, જેમ કે આજે પણ વગાડવામાં આવે છે, કોઈ ધર્મમાં શંખ વગાડવામાં આવતો. અમુક લોકો આગ સળગાવીને ધુમાડા વડે લોકોને જાણ કરતા હતા. આ બધી રીતો એક રીતે જે તે ધર્મની માન્યતાઓનું પ્રતિબિંબ તો હતી ઉપરાંત કોઈને કોઈ રીતે નુકસાનકારક હતી. જેમ કે કોઈક ઘંટનો અવાજ ઘણો તેજ હોય છે. કાનને નુકસાન કરે એવો પણ હોય છે. આગ વાતાવરણ માટે નુકસાન કારક છે. આસપાસના લોકોને એનાથી તકલીફ પણ થાય છે. આ બધી રીતો ઈબાદત અને એના સમયની નિશાની તરીકે વપરાતી તો હતી પણ એમાં કોઈ રૂહાની કેફિયત ન હતી, જે ઈબાદતની પોકારનું પ્રતિબિંબ પાડી શકે. ઈબાદત માલિક અને સર્જનહારની બંદગીનું નામ છે. આ બધી રીતોમાં સર્જનહારનું નામ કે એની મહાનતા કે ઈબાદત માટે ભેગા થવાની હાકલ.. એવું કંઈ નથી. એની સામે ઈસ્લામ દ્વારા નમાઝ જેવી ઈબાદતના એલાન માટે એવી રીત નક્કી કરવામાં આવી કે એમાં રૂહાનિયત પણ છે. એને માનવી થકી માનવીને સંબોધન છે. એના શબ્દો અર્થસભર છે અને એમાં અલ્લાહ તઆલાની મહાનતાનું વર્ણન પણ છે. ફકત અઝાનના શબ્દોમાં એટલો બધો કેફ અને લાગણીઓ છે કે ઘણા લોકોના ઈસ્લામનો સબબ ફકત અઝાન જ છે. અઝાનનું મહત્વ એટલું બધું છે કે કોઈ પણ મુસ્લિમ વસતીની નિશાની એને કરાર દેવામાં આવી છે.

આજકાલ ભારતમાં દુખજનક છે કે લાઉડ સ્પીકર ઉપર થતી અઝાનને વિવાદિત બનાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહયો છે. એમ તો આ બધું અમુક નફરતી અને મુસ્લિમ વિરોધ કટ્ટર લોકો રહયા છે અને વધુ પડતા લોકોએ આ બાબતે કોઈ વિરોધ નથી. પણ આ બાબતે આપણે પણ અમુક બાબતોએ વિચાર કરવાની જરૂરત છે.

૧. દીનના જે કામોમાં મોટેથી બોલવાની જરૂરત હોય એ બાબતે

ઈસ્લામની તાલીમ શું છે ? એનો જવાબ આ છે કે ઈસ્લામ દરેક બાબતે મધ્યમ રાહ અપનાવવાની તાલીમ આપે છે. દરેક બાબતે એવો ખ્યાલ રાખવાની તાકીદ છે કે આપણું કામ કોઈ બીજાની તકલીફનો સબબ ન બને. એટલા માટે કુરઆનમાં જરૂરત વગર સામાન્યથી ઊંચા અવાજે બોલવાને બુરું કહેવામાં આવ્યું છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે હળવા કદમોએ ચાલો અને અવાજ ધીમી રાખો. (સુ. લુકમાન : ૧૯)

મોઢે કરવામાં આવતા કામોમાં કુરઆનની તિલાવતથી વધીને બરકત વાળું કામ કયું હોય શકે ? એમાં પણ હુકમ છે કે હલકી અવાજે તિલાવત કરવાનો હુકમ છે. એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મસ્જિદે નબવીમાં એતેકાફ કરી રહયા હતા. આપના એતેકાફ માટે મસ્જિદમાં જ ચામડાનો એક ગુંબદ – તંબુ જેવો બનાવવામાં આવ્યો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમાં રહેતા હતા. એ દરમિયાન આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સાંભળ્યું કે લોકો જોર જોરથી કુરઆન શરીફ પઢી રહયા છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને ટકોર કરી કે તમે તમારા પરવરદિગાર સાથે ગુફતગુ કરી રહયા છો તો એમાં કોઈ બીજાને તકલીફ ન આપો અને નમાઝમાં પણ કુરઆન પઢવામાં પોતાનો અવાઝ એકબીજાથી ઊંચો ન કરો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ઘર મસ્જિદની સાથે જ હતું અને ઘરનો દરવાજો મસ્જિદમાં ખુલતો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘરમાં તિલાવત કરતા તો ફકત મસ્જિદના સેહન સુધી અવાજ આવતો.

એકવાર રાત્રે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બહાર નીકળ્યા. હઝ. અબુ બક્ર રદિ.ના મકાન પાસેથી ગુઝરી રહયા હતા, એવામાં જોયું કે તેઓ ઘણા ધીમા અવાજે કુરઆન પઢી રહયા છે. પછી હઝ. ઉમર રદિ.ના ઘર પાસેથી પસાર થયા તો સાંભળ્યુ કે તેઓ ઊંચા અવાજે કુરઆન પઢી રહયા છે. પછી જયારે આ બંને લોકો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં હાજર થયા તો એમને પૂછયું કે હું તમારા ઘર પાસેથી પસાર થયો તો મેં સાંભળ્યુ કે તમે ઘણા ધીમા અવાજે કુરઆન પઢી રહયા હતા. હઝ. અબૂ બક્ર રદિ.એ અરજ કરી કે હું જે હસ્તી (અલ્લાહ તઆલા) સાથે વાત કરી રહયો હતો એણે મારી વાત સાંભળી લીધી એ કાફી છે. હઝ.

ઉમર રદિ.ને પૂછયું કે તમે ઊંચા અવાજે કેમ પઢતા હતા ? તો એમણે અરજ કરી કે યા રસૂલલ્લાહ ! હું સુતેલા લોકોને જગાડી રહયો હતો અને શયતાનને ભગાડી રહયો હતો. અંતે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝ. અબૂ બક્ર રદિ.ને નસીહત ફરમાવી કે તમે થોડા ઊંચા અવાજે પઢો અને હઝ. ઉમર રદિ.ને નસીહત ફરમાવી કે તમે થોડા ધીમા અવાજે પઢો. આ હદીસથી સમજમાં આવે છે કે ઈબાદતો અને નેક કામોમાં પણ અવાજને મધ્યમ અને સાધારણ રાખવાનો હુકમ છે, જેથી લોકોને તકલીફ ન થાય. ફુકહાએ કિરામ પણ આ બાબતને સામે રાખીને ફરમાવે છે કે નમાઝમાં જયાં જોરથી કુરઆન પઢવાનો હુકમ છે, ત્યાં જોરથી પઢવામાં આવે, પણ એટલા જોરથી કે સુતેલા માણસની ઊંઘમાં ખલેલ ન પડે. આ જ હુકમ એકલા નમાઝ પઢનાર માટે પણ છે અને તરાવીહ તેમજ જહરી નમાઝોમાં ઈમામત કરાવનાર માટે પણ.

આ જ નિયમ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પરસ્પરની વાતચીત અને વહેવાર માટે પણ નક્કી કર્યો હતો. હઝરત મિકદાદ બિન અસ્વદ રદિ.ની રિવાયત છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ રાત્રે તશરીફ લાવતા તો એવી રીતે સલામ કરતા કે જાગતા લોકો સાંભળી લે અને સૂતેલા લોકોની ઉંઘમાં ખલેલ ન પડે.

૨. અઝાન એક ઈબાદત હોવા ઉપરાંત ઈબાદતનું એલાન છે. અને એલાનનો મકસદ લોકોને પોકારવું અને લોકોને પયગામ સંભળાવવાનો હોય છે એટલે અઝાન બાબતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હુકમ છે કે ઊંચા સાદે અઝાન આપવામાં આવે. હઝરત બિલાલ રદિ.ને અઝાનની જવાબદારી એટલા માટે જ સોંપવામાં આવી હતી અને એમને નસીહત પણ કરી હતી કે આંગણીઓ કાનમાં નાંખીને અઝાન આપે, કેમ કે આમ કરવાથી અવાઝ ઊંચી થાય છે. અઝાનન ઊંચા અવાજે કહવાનો હુકમ છતાં એટલા ઊંચા અવાજે અઝાન કહેવી કે લોકોની તકલીફનો સબબ બને અને અઝાન આપનારને પણ તકલીફ થાય એની મનાઈ છે.

માણસ જયારે પોતાની અવાજે અઝાન આપે અને અવાજ ઊંચી કરવા કોઈ સાધન કે મશીનનો ઉપયોગ ન કરે તો અવાજ માફક સર રહે એ સ્પષ્ટ છે, કેમ કે અવાજ ઊંચી કરવાની માનવીય શકિત સિમિત છે. પરંતુ જયારે

કોઈ અવાજ આગળ પહોંચાડવા માટે લાઉડ સ્પીકર વાપરવામાં આવે ત્યારે અવાજની કોઈ હદ નથી રહેતી. અવાજ એટલી ઊંચી પણ થઈ શકે છે કે માણસના કાન ફાટવા માંડે. કોઈ માણસ દિલ કે કાનનો કમઝોર હોય તો એને નુકસાન પણ થઈ શકે છે. જાહેરમાં ગવાતા ગીતો અને ડી.જે. વગેરેમાં તો આ નુકસાન સ્પષ્ટ દેખાય છે. અને ગળું ફાડીને તકરીર કરનાર વાએઝો પણ આ બાબતે કોઈનાથી પાછળ નથી.

અલ્લાહ તઆલાનો શુક્ર છે કે આપણે ત્યાં ભારતમાં એક જ વિસ્તારમાં અનેક મસ્જિદો હોય છે. અને લગભગ ફજર વેળા આપણે જોઈએ છીએ કે લગભગ અડધા કલાક સુધી એકપછી એક અઝાનનો સિલસિલો ચાલતો રહે છે. આ બધી જ અઝાનો માઈક ઉપર ઊંચા અવાજે હોય છે. જયારે કે આ મસ્જિદોમાં નમાઝ માટે આવનાર લોકો આસપાસના જ હોય છે, દૂરના લોકો નથી હોતા. આવું બીજી નમાઝની અઝાનો વેળા થાય છે. અલબત્ત દિવસના ઘોંઘાટમાં મહસૂસ નથી થતું. એમ તો ફજરની દસ બાર અઝાનો પણ ઊંઘનારા લોકોને જગાડી નથી શકતી અને એમને ખબર પણ નથી પડતી.

૩. ઘણી જગ્યાએ અઝાન પછી જમાઅત સુધી વચ્ચે લગાતાર અલગ અલગ એલાનો થતા રહે છે. હવે નમાઝ શરૂ થવામાં આટલી વાર છે. પાંચ મિનીટ બાકી છે. બે મિનીટ બાકી છે. રમઝાનમાં ફજર વેળા આ કેફિયત વધારે હોય છે. જેટલો સમય અઝાનનો હોય છે એનાથી કંઈ ગણો વધારે સમય આવા એલાન થાય છે. અમુક મસ્જિદોમાં નમાઝ પણ બહારના માઈક ઉપર થાય છે. અને નમાઝ પછીની દુઆઓ પણ માઈક ઉપર પઢવામાં આવે છે. કુરઆન – હદીસનો દર્સ વગેરે પણ બહારના જાહેર માઈક પર મુકી દેવામાં આવે છે. અમુક જગ્યાએ તરાવીહની નમાઝ, જુમ્અહનું બયાન પણ માઈક ઉપર મુકી દેવામાં આવે છે. આ બધી અવાજ અને ઘોંઘાટ મહોલ્લામાં અને રસ્તા ઉપર અથડાતો રહે છે. અને જો મસ્જિદો એકબીજાથી નજીક હોય તો અઝાનો, તકરીર, તરાવીહ વગેરેની અવાજ એકબીજાથી અથડાયને વધારે શોર કરે છે. લાઉડ સ્પીકરનો આવો અત્યંત ખોટો ઉપયોગ બીમાર, માઝુર અને પોતાના અન્ય કામમાં વ્યસ્ત લોકોને તકલીફ આપે છે. ઘણી જગ્યાએ હિન્દુ – મુસ્લિમ ભેગી વસ્તી હોય છે. ત્યાં આવી રીતે બધા કામો માઈક ઉપર

કરવાથી એમને તકલીફ થાય એ સ્વભાવિક છે. મુસલમાનોના મહોલ્લા પાસે કોઈ મંદિર હોય અને એમાં લાંબો સમય ઘંટ વાગ્યા કરે કે માઈક ઉપર ભજનો વાગ્યા કરે તો મુસલમાનોને નાપસંદ હોય છે એવું જ કંઈ આપણી ઈબાદતો વિશે એમને થતું હોય છે.

એક વાર યાદ રાખવી જોઈએ કે અઝાન જરૂરી છે. શરીઅતનો હુકમ છે. દીન અને ઈસ્લામનું નિશાન છે. પણ મહોલ્લાથી આગળ વધીને દૂર સુધી અવાજ જાય એમ માઈક ઉપર અઝાન આપવી અલગ વાત છે. આપણે એક તરફ મુસ્લિમ વિરોધી કટ્ટર લોકો દ્વારા અઝાન વિરુદ્ધ કરવામાં આવતા પ્રોપેગંન્ડાનો પણ સામનો કરવાનો છે, તો બીજી તરફ આપણે પોતાના કામોની સમીક્ષા કરવાની છે કે આપણે પણ કયાંક મર્યાદાથી આગળ નથી વધતા ?

એવું વિચારવું ખોટું છે કે ફલાણી કોમ અને ફલાણો સમાજ પણ લાઉડ સ્પીકર ઉપર શોર કરે છે, શાદીઓ અને ઈલેકશન વેળા પણ ડી.જે.ની ગુંજ વાતાવરણમાં સભંળાતી રહે છે. તો પછી આપણે જ શા માટે પાછળ રહીએ ? અને વળી આપણે તો અઝાનમાં એમ કરીએ છીએ, જે ઈબાદત છે. જરૂરતથી વધારે તકલીફ આપે એવો શોર કરવો આપણા માટે પણ દુરુસ્ત નથી અને એમના માટે પણ દુરસ્ત નથી. દીનના કોઈ પણ કામનો આધાર આ નથી હોય શકતો કે આપણે કોઈની નકલ કરીએ અથવા તેઓ કરે છે એટલે આપણે પણ કરીએ, આપણે તો શરીઅતનો હુકમ અને મર્યાદા સામે રાખીને કામ કરવાનું છે અને શરીઅતમાં મધ્યમ રાહ અપનાવવાનો હુકમ છે. કોઈને તકલીફ થાય એમ કરવાથી બચવાનો હુકમ છે.

ખુલાસો આ છે કે અઝાન ઉપરાંત મસ્જિદમાં થતા પ્રોગ્રામો વિશે આપણે અમુક મર્યાદાઓ જાળવવી જરૂરી છે.

● એક મહોલ્લા કે વિસ્તારમાં અનેક મસ્જિદો હોય તો એક મોટી મસ્જિદમાં માઈક ઉપર અઝાન આપવામાં આવે અને એમાં પણ ખ્યાલ રાખવામાં આવે કે જરૂરતથી વધારે અવાજ ન હોય. એટલી હોય કે આસપાસ અવાજ પહોંચી જાય. બીજી મસ્જિદોમાં અંદરના માઈક ઉપર અઝાન આપવામાં આવે અથવા વગર માઈકે અઝાન આપવામાં આવે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબા રદિ.ના ઝમાનામાં પણ માઈક

વગર જ અઝાન થતી હતી. અમુક ફુકહાએ કિરામે લખ્યું છે કે દરેક મસ્જિદમાં અઝાન જરૂરી નથી, મુસ્તહબ છે. ફકત મહોલ્લાની એક મસ્જિદમાં અઝાન જરૂરી છે. આ ઈમામ માલિક રહ.નો મસ્લક છે. પણ એનાથી આપણે એટલું સમજી શકીએ છીએ કે દરેક મસ્જિદમાં માઈક ઉપર અઝાન જરૂરી નથી. માઈક ઉપર અઝાન વાજિબ કે સુન્નત નથી. વગર માઈકની અઝાન મકરૂહ નથી. માટે આસપાસની મસ્જિદોમાંથી એક મસ્જિદમાં લાઉડ સ્પીકર ઉપર અને બીજી મસ્જિદોમાં ફકત મોઢેથી અઝાન આપવાનું નક્કી કરી લેવામાં આવે તો કોઈ વાંધો નથી.

● સ્પીકરનું સેટીંગ કરવામાં ધ્યાન રાખવું કે બહારનું માઈક ગેરમુસ્લિમોની વસ્તી તરફ રાખવામાં આવે નહીં. જેથી આપણી અઝાન કોઈને તકલીફનો સબબ ન બને.

● અઝાન પછી બીજા એલાનો કરવાથી બચવામાં આવે. આજે દરેક પાસે મોબાઈલ છે. કોઈ વસ્તુ વારંવાર યાદ અપાવવાની જરૂરત નથી. દરેક માણસ અલાર્મ સેટ કરી શકે છે. એમ પણ ગમે તેટલા એલાન કરવામાં આવે, મસ્જિદમાં ફકત જે પાબંદ હોય એ જ આવે છે અને આવા લોકોને વારંવાર એલાન સંભળાવવાની જરૂરત પણ નથી હોતી.

● બયાન, દર્સ, તિલાવત, જહરી નમાઝો વગેરે મસ્જિદના અંદરના માઈક ઉપર જ કરવામાં આવે. આ બધું બહારના માઈક ઉપર કરવું મકરૂહ કહી શકાય એમ છે. કારણ કે આમ કરવામાં કુરઆન અને દીનની વાતોની બેઅદબી થાય છે. લોકો પોતાના કામમાં મશ્ગૂલ રહે છે અને કુરઆન, હદીસની વાતો સાંભળતા નથી.

● જાહેર જલ્સાઓમાં પણ મર્યાદાનું પાલન થાય એ જરૂરી છે. જરૂરત મુજબ અને સરકારના કાયદા મુજબ માઈકનો અવાજ રાખવામાં આવે અને સમયનું પણ પાલન કરવામાં આવે.

આ બધી મર્યાદાઓ અને રીતભાત શરીઅતની તાલીમ છે. શરીઅતનો આ જ સ્વભાવ અને શિખામણ છે. કોઈની ચડસાચડસીમાં પોતાના દીનને બગાડવો અકલમંદી નથી.

*હઝરત મવલાના ખાલિદ સયફુલ્લાહ સાહેબ. દા.બ.ના લેખનો અનુવાદ.*

*સુધારા વધારા સાથે. ફરીદ અહમદ કાવી*

અમ્ર બિલ મઅરૂફ – નહિ અનિલ મુન્કરનું મહત્વ

# ગુનાને સાંખી ન લ્યો. શકિત મુજબ રોકટોક કરો

### હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ :

### 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફ્તી ફરીદ અહમદ કાવી.*

આ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે કોઈને ગુનો કરતાં જોઈએ અને શકિત હોવા છતાં એને રોકીએ નહીં તો આ બાબત ફકત ગુનો કરનારે નુકસાન કરશે એવું નથી, ન રોકનાર પોતાને પણ ગુનામાં નાંખી રહયો છે. અને આવા સંજોગોમાં જાહેર અઝાબ માટે તૈયાર રહેવું જોઈએ. આજકાલ જે લોકો દીનદાર કહેવાય છે અને વાસ્તવમાં વ્યકિતગત રીતે તેઓ દીનદાર હોય પણ છે, તેઓ પણ અન્યોના ગુનાહો બાબતે પોતાની કોઈ જવાબદારી સમજતા નથી. કુરઆનની આયત : لا يضركم من ضل اذا اهتديتم એટલે કે આપણે હિદાયત ઉપર હોઈએ તો બીજાની ગુમરાહી આપણું શું નુકસાન કરી શકે ! મુજબ શાંતિ અને સંતોષ પૂર્વક જીવી રહયા છે. પરંતુ સહાબાએ કિરામ ઉપર અલ્લાહ તઆલા લાખો રહમતો નાઝિલ ફરમાવે, એમણે દીન બાબતે કોઈ પણ વાત અધૂરી નથી રહેવા દીધી. ઉપરોકત આયત વિશે અનેક સહાબા રદિ.એ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પ્રશ્ન કર્યો હતો, અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબમાં ફરમાવ્યું હતું : અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કર કરતા રહો, નહિતર સામુહિક અઝાબમાં સપડાશો. અને ઉપરોકત આયતનો મતલબ આ છે કે જયારે ફિત્નાઓનો દરવાજો ખુલી જાય અને અમ્ર બિલ મઅરૂફ વગેરે માણસની શકિત બહારનું કામ થઈ પડે તો પછી આવી સ્થિતિમાં કોઈની ગુમરાહી બીજાને નુકસાન કર્તા નથી.

હઝ. અબૂબક્ર સિદ્દીક રદિ. એકવાર મિમ્બર ઉપર ઉભા થયા અને ઉપરોકત આયત પઢીને ફરમાવ્યું : તમે લોકો આ આયતને અસ્થાને સમજો છો, મેં પોતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મોઢેથી સાંભળ્યું છે કે જે લોકો નાજાઈઝ કામો થતાં જુએ અને રોકે નહીં તો ઘણું શકય છે કે તેઓ અઝાબમાં સપડાય.

એકવાર હઝ. અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ રદિ. હાજર હતા એવામાં બે માણસો વચ્ચે ઝઘડો થઈ ગયો. પાસે બેસેલા માણસોમાંથી એક માણસ આ ઝઘડો રોકવા

માટે ઉભા થયા તો બીજા માણસે એમને આમ કરતાં રોકવાનો પ્રયત્ન કર્યો અને ઉપરની આયત પઢી : لا يضركم من ضل اذا اهتديتم, હઝ. અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ રદિ.એ આ બધું જોઈ – સાંભળીને ફરમાવ્યું કે હજુ સુધી આવો સમય આવ્યો નથી. (દુર્રે મન્થૂર)

ખુલાસો આ કે શકિત હોય ત્યાં ગુનાહો ઉપર રોકટોક કરવી જરૂરી છે. આવી જ રીતે જયાં શકિત ન હોય, રોકટોક કરવાની કોઈ ફિત્નો કે ફસાદ થવાનો અંદેશો હોય, કોઈ બીજું દીની નુકસાન થાય એમ હોય, એવા સંજોગોમાં ખોટી હિમ્મત બતાવીને સામે આવવું જોઈએ નહીં, અને આવા સમયે આવા લોકોથી અલગ થઈ જવું અને અલગ રહેવા ઉપર લોકો બુરું ભલું કહે, ગાળો આપે, મહેણાં – ટોણાં મારે એ બધું સહેવું અને હિંમત હોય તો એમના માટે ભલી દુઆઓ કરવી જોઈએ.

અને આ બધું ન થઈ શકે તો આવા સંજોગોમાં કમથી કમ ઝઘડાના વાતાવરણથી દૂર રહેવું અને બીજા ઈસ્લાહ કરતાં પહેલાં પોતાને સાચવી રાખવામાં ધ્યાન આપવું વધારે સારું છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

જયારે તમે જુઓ કે માણસોના વાયદા અને કરારોમાં ગરબડ થવા માંડી છે, અમાનતોની જવાબદારીને પૂરી કરવામાં આવતી નથી, અને લોકો આવી રીતે (એક હાથની આંગળીઓ બીજા હાથમાં નાખીને બતાવ્યું કે) ઘાલમેળ કરવા માંડે તો પોતાના ઘરોમાં બેસી જજો. ઝુબાન રોકી લેજો. જાઈઝ કામો કરતા રહેજો, અને નાજાઈઝ કામોથી બચતા રહેજો. પોતાને સાચવજો અને લોકોને એમના હાલ ઉપર છોડી દેજો. (હાકિમ)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : ઘણો વહેલો એવા ઝમાનો આવશે કે માણસનો શ્રેષ્ટ માલ અમુક બકરીઓ હશે, જેને લઈને એ પહાડો ઉપર અથવા વરસાદના સ્થળોએ જતો રહે, જેથી ફિત્નાઓથી પોતાના દીનની હિફાઝત કરી શકે.

અલ્લામહ અયની રહ. બુખારી શરીફની શર્હમાં લખે છે કે આ હદીસથી ફિત્નાઓના ઝમાનામાં એકાંતવાસની ફઝીલત પુરવાર થાય છે. અલબત્ત જે માણસ ફિત્નાઓને રોકવાની શકિત ધરાવતો હોય એના ઉપર એની કોશિશ કરવી વાજિબ છે. અને સંજોગો મુજબ આમ કરવું ફરજે ઐન અથવા ફરજે કિફાયહ હોય શકે છે. એટલે કે બીજો કોઈ માણસ પણ ફિત્ના અને ગુનાહો રોકવાની શકિત ધરાવતો ન હોય તો ફરજે ઐન અને હોય તો ફરજે કિફાયહ ગણાશે. અને ફિત્નો ન

હોય એવા ઝમાના વિશે ઉલમાએ કિરામ માંહે ઈખ્તેલાફ છે કે એકાંત અફઝલ છે કે લોકો સાથે હળી મળીને જવાબદારીઓ અદા કરવું અફઝલ છે ? ઈમામ નવવી રહ. કહે છે કે હઝ. ઈમામ શાફેઈ રહ. અને અન્ય ઘણા ઉલમાનો મઝહબ છે કે આવા સંજોગોમાં લોકો સાથે રહેવું અફઝલ છે. કારણ એમ કરવાથી ઘણા દીની ફાયદાઓ થાય છે. ઈસ્લામી ઈબાદતોમાં ભાગ લઈ શકાય છે. મુસલમાનોની શકિત વધે છે. એકબીજાને ઘણી બધી ભલાઈ – ફાયદા પહોંચાડી શકાય છે. બીમારોના ખબર અંતર પૂછી શકાય છે. જનાઝામાં શિરકત, એકબીજાને સલામ કરવા, સારી વાતોની તાકીદ, બુરાઈની રોકટોક, નેકી – તકવાના કામોમાં પરસ્પર મદદ, મોહતાજની મદદ, વગેરે કામોમાં ભાગ લઈ શકાય છે. અને જે માણસ આલિમ હોય, આબિદ હોય એના માટે તો મુસ્તહબ કામ પણ વાજિબનો દરજ્જો રાખે છે. આ બધાથી વિપરીત એક બીજી જમાઅતનું માનવું છે કે આ બધી નેકીઓની શકયતા છતાં એકાંતમાં રહેવુ જ અફઝલ છે. કારણ કે એકાંતવાસમાં સલામતી યકીની છે. શરત એટલી કે એકાંતની ઈબાદતો અને એકાંતમાં જે કંઈ એના પોતાના જિમ્મે જરૂરી છે એની જાણકારી ધરાવતો હોય. ઈમામ નવવી રહ. ફરમાવે છે કે જે માણસને લોકો સાથે રહેવામાં પોતે ગુનાહોમાં પડી જવાનો ખોફ અને અંદાઝો ન હોય એણે લોકો સાથે જ રહેવુ જોઈએ.

અલ્લામહ કિરમાની રહ. ફરમાવે કે આપણા ઝમાનામાં તો એકાંત જ બેહતર છે. કારણ કે લોકોની મજલિસે ભાગ્યે જ ગુનાહોથી ખાલી હોય છે. અલ્લામહ અયની રહ. ફરમાવે છે કે હું પણ કિરમાની રહ.સાથે સહમત છું. કારણ કે આ ઝમાનામાં લોકસહવાથી બુરાઈઓ સિવાય બીજું કંઈ મળતું નથી. ઈમામ નવવી રહ.ની વફાત ૬૭૬ હિ.માં થઈ છે. અને અલ્લામહ કિરમાની રહ.ની વફામ ૭૮૬ હિ.માં થઈ છે. બંને વચ્ચે લગભગ ૧૦૦ વરસનો ફરક છે. ઈમામ નવવી રહ. સમાજમાં હળી મળીને રહેવાને અફઝલ ગણે છે અને ૧૦૦ વરસ પછી અલ્લામહ કિરમાની રહ. ફરમાવે છે કે આજકાલ લોકોની મજલિસોમાં કંઈ ભલીવાર નથી. ત્યાર પછી અલ્લામહ અયની રહ.ની વફાત ૮૫૫ હિ.માં થઈ છે. તેઓ અલ્લામહ કિરમાની રહ.ની વાતનું સમર્થન કરીને પછીના ઝમાનામાં બુરાઈઓ વધવાનું જ જણાવે છે. હવે ૧૪મી સદીના વચ્ચે (૧૩૫૦ હિ.ની આસપાસ) જેટલી બુરાઈઓ વધી ગઈ છે, એ સમજમાં આવી શકે છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : દરેક આવનાર સમય પાછલા સમય કરતાં બુરાઈમાં વધીને જ હશે. ● ● ● ●

# ખલીફા મહેદી અને મઅન બિન ઝાઈદહ

ખલીફા મહેદીના ઝમાનામાં એક માણસ લોકોમાં ફિત્નો અને બગાવતની આગ ભડકાવી રહયો હતો, ખલીફાને એની સૂચના આપી તો એના માટે ફાંસીની સજા જાહેર કરી અને એલાન કર્યુ કે આ ગુનેગારની જાણકારી આપનાર કે પકડી લાવનારને એક લાખ દિરહમનું ઈનામ આપવામાં આવશે. આ ગુનેગાર સંતાતો છુપાતો એકવાર મઅન બિન ઝાઈદહના ઘરે જઈ પહોંચ્યો. મઅન બિન ઝાઈદહ મોટા યોદ્ધા હતા, સખી અને શાયર પણ હતા. ખલીફા મન્સૂર અને ખલીફા મહદી માટે મોટા યુદ્ધો લડયા હતા અને બગાવતોને પણ કચડી હતી.

ખલીફા મેહદીને ખબર પડી કે ગુનેગાર વ્યકિત મઅન બિન ઝાઈદહના ઘરે સંતાયેલો છે તો એમને દરબારમાં હાજર થવાનો હુકમ કર્યો.

તેઓ હાજર થયા તો ખલીફાએ પૂછયું : અમારા ગુનેગારને તમે પોતાના ઘરમાં પનાહ આપીને બચાવી રહયા છો ?

મઅન બિન ઝાઈદહે અરજ કરી કે અમીરુલ મુઅમિનીન ! હું પોતે તમારો મોટો વફાદાર છું. તમારા માટે મેં યમનમાં યુદ્ધો કર્યા છે. તમારા સેંકડો દુશ્મનોને કતલ કર્યા છે. અનેક યુદ્ધોમાં મારે પણ તકલીફો અને મુસીબતો વેઠવી પડી છે. એ બધું તમારા ખાતર જ મેં વેઠયું છે. છતાં તમારી પાસે મારું એટલું સન્માન નથી કે હું કોઈને પનાહ આપીને બચાવી શકું ?

ખલીફા મહેદી આ સાંભળીને થોડીવાર માથું ઝુકાવીને બેસી રહયો. પછી માથું ઊંચું કરીને મઅન બિન ઝાઈદહને રાજી કર્યા અને એલાન કર્યુ કે જેને તમે પનાહ આપી છે એને અમે પણ પનાહ આપીએ છીએ.

મઅન બિન ઝાઈદહે ફરી અરજ કરી કે તમે એને કંઈક આપો તો એને જિંદગીની સાથે જિંદગી ગુઝારવાના અસબાબ પણ મળી જાય. મહેદીએ એલાન કર્યુ કે અમે એને પાંચ હઝાર દિરહમનું ઈનામ આપીએ છીએ.

મઅન બિન ઝાઈદહે અરજ કરી કે બાદશાહોનું ઈનામ ગુનેગારોના ગુના પ્રમાણે મોટું હોવું જોઈએ. આ માણસ સાચે જ મોટો ગુનેગાર છે, એટલે એને ઓર મોટું ઈનામ આપવું જોઈએ. ખલીફાએ એના માટે દસ હઝાર દિરહમનું ઈનામ જાહેર કર્યુ.

# મહમૂદુલ ખસાઈલ

• જનાબ અહમદહુસેન ગાજી સા.

**હદીસ નંબર : ૨૦**

હઝરત બુરૈદહ (બિન હુસૈબ) (રદિ.) ફરમાવે છે કે (હિજરત વખતે) મદીના આગમન વખતે હઝરત સલમાન ફારસી (રદિ.)એ એક ખ્વાન (થાળ) જેમાં તાજી ખજૂરો રાખી હતી, લાવીને આપ (સલ.) ની સામે મુકી દીધી. હુઝૂર (સલ.) એ પૂછયું કે હે સલમાન ! આ કેવી ખજૂરો છે ? તેમણે કહ્યું કે આપ પર અને આપના સાથીઓ પર સદકો છે, તો આપ (સલ.) એ ઈરશાદ ફરમાવ્યો : તેને ઉઠાવી લો એટલા માટે કે અમે સદકો નથી ખાતા. હઝરત બુરૈદહ (રદિ.) ફરમાવે છે કે હઝરત સલમાન (રદિ.) એ તે ઉઠાવી લીધી, પછી બીજા દિવસે એવી જ થાળ રસૂલુલ્લાહ (સલ.) સામે મુકી દીધી. આપ (સલ.) એ પૂછયું : હે સલમાન ! આ કેવી ખજૂરો છે ? તેમણે અરજ કરી કે આપના માટે હદિયો છે, તો રસૂલુલ્લાહ (સલ.) એ પોતાના સહાબા (રદિ.) થી ફરમાવ્યું : હાથ આગળ કરો, પછી (હઝરત સલમાન રદિ. એ) રસૂલુલ્લાહ (સલ.) ની પીઠ ઉપર મુહરે નુબુવ્વત જોઈ, તો આપ (સલ.) પર ઈમાન લઈ આવ્યા અને (તે વખતે) તેઓ એક યહુદીના ગુલામ હતા, રસૂલુલ્લાહ (સલ.) એ આટલા આટલા દિરહમમાં તેમને ખરીદી લીધા. તેમજ આ શરત હતી કે તેઓ તેના બદલામાં ખજૂરના વૃક્ષો લગાવે અને ફળ આવતા સુધી સલમાન તેની દેખરેખ રાખ્યા કરે. તેથી (હઝરત સલમાન રદિ. તરફથી) તમામ વૃક્ષો (પોતે) રસૂલુલ્લાહ (સલ.) એ લગાવ્યા, માત્ર એક વૃક્ષ જે હઝરત ઉમર (રદિ.) એ લગાવ્યું. એ જ વર્ષે બધા વૃક્ષો મોટા થઈ ગયા, પરંતુ તેમાં એક વૃક્ષ મોટું ન થયું. આપ (સલ.) એ ફરમાવ્યું : આ વૃક્ષની હાલત આવી કેમ છે ? તો હઝરત ઉમર (રદિ.) એ અરજ કરી : હે અલ્લાહના રસૂલ ! આ મેં રોપ્યું હતું, પછી રસૂલુલ્લાહ (સલ.) એ તેને ઉખાડીને બીજી વખત રોપ્યું, તો તે પણ એ જ વર્ષે મોટું થઈ ગયું.

ફાયદો : આ રિવાયતમાં હઝરત સલમાન ફારસી (રદિ.) નો વાકિયો બયાન કરવામાં આવ્યો છે. તેઓ મોટા સહાબી છે, અઢીસો વર્ષ અને એક કથન પ્રમાણે સાડા ત્રણસો વર્ષની ઉમર મળી, મૂળ ઈરાન (ફારસ)ના રહેવાસી હતા, તેમના પિતા અગ્નિપૂજક હતા, અને પોતાની કોમમાં મોટા સરદારોમાં તેમનો સમાવેશ

થતો હતો. ઘણી સંપત્તિ હતી, તેમનો મૂળ ધર્મ પારસી (અગ્નિ પૂજા) હતો, કહે છે કે મેં મારા ધર્મમાં એટલી મહેનત કરી કે અમારા અગિયારીનો મને જિમ્મેદાર બનાવવામાં આવ્યો. મારા પિતાની જાયદાદ અને જમીન વગેરે હતી, એક વખતે મારા પિતાએ કોઈ કામ માટે પોતાની જાયદાદ તરફ મોકલ્યો, જયારે હું ત્યાં ગયો તો રસ્તામાં ચર્ચ (ખ્રિસ્તીઓની ઈબાદતગાહ) આવ્યું, હું તેને જોવાના ઈરાદે અંદર દાખલ થયો, તે લોકો ઈબાદત કરી રહ્યા હતા, તેમની ઈબાદતનો તરીકો મને પસંદ આવ્યો, હું દિવસ દરમિયાન ત્યાં રહ્યો, મેં તેમને પૂછયું કે તમારા ધર્મનું અસલ મર્કઝ–કેન્દ્ર કયાં છે ? તેમણે કહ્યું : શામ (સિરિયા) માં છે. મોડી રાત્રે જયારે હું ઘરે પહોંચ્યો તો ઘરવાળાઓએ પૂછયું કે આટલું મોડું કેમ થયું ? મેં કહ્યું કે રસ્તામાં એક ચર્ચની અંદર ખ્રિસ્તીઓને પોતાના ધર્મ પ્રમાણે ઈબાદત કરતા જોયા, મને તેમની ઈબાદત પસંદ આવી અને તેમનો ધર્મ મને પસંદ આવ્યો. મારા પિતાએ કહ્યું કે આપનો પ્રાચીન ધર્મ જ સારો છે, મેં કહ્યું કે ના, તે જ સારો છે. મારા પિતાને લાગ્યું કે મારા દિલમાં તેની મુહબ્બત બેસી ગઈ છે, એટલે તેમને એ ખતરો લાગ્યો કે હું કયાંક નાસી ન જાઉં, મારા પિતાને મારાથી ઘણી મુહબ્બત હતી, તેમણે મને બેડીમાં બાંધી દીધો. થોડા દિવસ હું ઘરમાં બંધાયેલા રહ્યો, એ દરમિયાન મેં ચર્ચવાળાઓને કહેવડાવ્યું કે શામ –સીરિયાનો કોઈ કાફલો પરત જાય તો મને બતાવજો, હું તેમાં શામિલ થઈ જાઉં, તેથી એક કાફલાની જાણ થઈ તો મેં મારા ઘરેથી બેડીઓ કાપી અને કાફલા સાથે શામ (સીરિયા) પહોંચી ગયો.

શામ (સિરિયા) માં એક રાહિબ (સાધુ) હતો, તે ધાર્મિક દ્રષ્ટિએ મોટો વ્યકિત ગણવામાં આવતો હતો, લોકોને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાની તરગીબ આપતો હતો અને અલ્લાહના નામ પર આવેલો બધો માલ જાતે જમા કરી લેતો હતો, સારો વ્યકિત ન હતો, તેના મૃત્યુ પછી બીજો વ્યકિત નિયુકત થયો, તે ખૂબ જ નેક અને ઈબાદત કરનાર હતો, હું તેમની સેવા કરતો રહ્યો, તેમને મારાથી ખાસ સંબંધ થઈ ગયો, અહીં સુધી કે જયારે તેના મૃત્યુનો સમય આવ્યો, તો મેં તેમને પૂછયું કે હું કયા જાઉં ? તેમણે જવાબ આપ્યો કે હમણાં અમારા તરીકા પર ઈરાકના શહેર મોસુલ (MOSUL) માં એક વ્યકિત છે, તું ત્યાં ચાલ્યો જા, તેનું આ નામ છે, તેથી તેમના મૃત્યુ પછી હું તે વ્યકિતને મળ્યો, તે પણ ઘણો નેક હતો, મેં તેમની પાસે રહીને તેમની ઘણી ખિદમત કરી, તેને પણ મારાથી ઘણી મુહબ્બત થઈ ગઈ, તેના મૃત્યુ સમયે મેં તેમનાથી પૂછયું કે હું કયાં જાઉં ? તેણે જવાબ આપ્યો કે આપણાં તરીકા પર નુસાયબીન ( NUSAYBIN – તુર્કી) માં એક

માણસ છે, તેની પાસે ચાલ્યો જા, હું ત્યાં હાજર થયો અને સંદર્ભ આપ્યો, તેણે મને પોતાની પાસે રાખ્યો, હું તેમની ખિદમત કરતો રહ્યો, તે પણ ઘણા નેક હતા, એક મુદ્દત પછી જયારે તેમના પણ મૃત્યુનો સમય આવ્યો તો મેં તેમનાથી પૂછયું કે હવે હું કયાં જાઉં ? તો તેમણે અમોરિયા (રોમનું શહેર) ના એક માણસનું નામ અને એડ્રેસ આપ્યું, હું ત્યાં ગયો અને તેમનું નામ લઈને તેમની મુલાકાત કરી, તે પણ ઘણો નેક અને ઈબાદતગુઝાર હતો, અમોરિયાના રોકાણ દરમિયાન મેં કંઈક કારોબાર પણ કર્યો, પોતાની કેટલીક ગાયો અને બકરીઓ પણ જમા કરી લીધી, જયારે તેના મૃત્યુનો સમય આવ્યો તો મેં તેમનાથી પૂછયું કે હું હવે કયાં અને કોની પાસે જાઉં ? તો તેણે કહ્યું : કે આપણા તરીકા પર હવે કોઈ માણસ બાકી રહ્યો નથી, પરંતુ આખરી નબી (સલ.) ના આગમનનો વખત આવી ગયો છે, અને ફલાણી વસ્તીમાં હિજરત કરીને આવશે અને અમુક નીશાનીઓ બતાવી, દા.ત. ખજુરોના વિશાળ બાગો હશે, તેની બંને બાજુ નાના નાના પથ્થરોના બે મેદાન છે, વગેરે, તમે ત્યાં ચાલ્યા જાઓ, જયારે તેઓ આવશે તો તમને તેમની ઉપર ઈમાન લાવવાનો મોકો મળશે.

હઝરત સલમાન ફારસી (રદિ.) ફરમાવે છે કે તેમના મૃત્યુ પછી અરબ કબિલા બનૂકલ્બના કેટલાક લોકો વેપાર અર્થે આવ્યા હતા. મેં કહ્યું કે મને તે વસ્તીમાં પહોંચાડી દો, તેના બદલામાં હું તમને ગાયો અને બકરીઓ આપીશ. માટે તે લોકો મને પોતાની સાથે લઈ ગયા, અને વાદિએ અલ કુરા (શામ અને મદીના વચ્ચે આવેલ વાદી) જે ખૈબરથી મદીના આવતા એક આબાદી છે. ત્યાં તેમણે મારી બકરીઓ અને ગાયો પર કબજો કરી લીધો અને મને પોતાનો ગુલામ બનાવીને વેચી દીધો. બનૂ કુરૈઝાના એક માણસે મને ખરીદયો, આ કબીલો મદીના મુનવ્વરામાં આબાદ હતો, એટલે તે મને પોતાની સાથે મદીના લઈ ગયા, મદીના મુનવ્વરાનો નકશો અને રાહિબે (સંતે) બતાવેલી બધી નિશાનીઓ જોઈને મને વિશ્વાસ થઈ ગયો કે આ તે જ જગ્યા છે, તેથી જયારે નબીએ કરીમ (સલ.)ની ચર્ચા થઈ તો પહેલાં કબીલએ ખઝરજના લોકો ઈમાન લાવ્યા પછી કબીલા ઔસના, પછી અમુક મુદ્દત બાદ હઝરત નબીએ કરીમ (સલ.) હિજરત કરીને મદીના પધાર્યા. એ અંતિમ રાહિબે મને ત્રણ નિશાનીઓ બતાવી હતી કે તે નબી સદકો નહીં ખાય, હદિયો કબૂલ કરશે અને તેમની પીઠ પર મુહરે નુબુવ્વત હશે.

જયારે હઝરત નબીએ કરીમ (સલ.) હિજરત કરીને મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા, તે વખતે હઝરત સલમાન (રદિ.) યહુદીના ગુલામ હતા, આપ (સલ.) નું

પહેલું રોકાણ કુબામાં થયું. હઝરત સલમાન ફારસી (રદિ.) એક થાળમાં ખાવાની વસ્તુઓ અને તેની ઉપર તાજા ખજુરો સજાવીને કુબામાં હાજર થયા અને હુઝૂર (સલ.) ની ખિદમતમાં પેશ કરી. આપ (સલ.) એ પૂછયું કે આ શું છે ? હઝરત સલમાન (રદિ.) એ અરજ કરી કે આ સકદો છે, હઝરત નબીએ કરીમ (સલ.) એ અરજ કરી કે અમે સદકો નથી ખાતા, તેને ઉઠાવી લો, ત્રણ નિશાનીઓમાંથી એક નિશાની પૂરી થઈ ગઈ. ત્યાર બાદ હઝરત નબીએ કરીમ (સલ.) કુબામાં અમુક મુદત રોકાઈને મદીના મુનવ્વરા તશરીફ લઈ ગયા અને ત્યાંના રોકાણ દરમિયાન હઝરત સલમાન (રદિ.) અમુક દિવસે મહેનત – મજુરી કરીને બીજી વખતે ખાવાની ચીજોને થાળમાં સજાવી અને હઝરત નબીએ કરીમ (સલ.) ની ખિદમતમાં હાજર કરી. હુઝૂર (સલ.) એ પૂછયું : હે સલમાન ! આ શું છે ? અરજ કી કે આ હદિયો છે, તો હુઝૂર (સલ.) એ કબૂલ ફરમાવી લીધો. હુઝૂર (સલ.) એ જાતે પણ ખાધી અને ત્યાં હાજર સહાબા (રદિ.)થી ફરમાવ્યું કે હાથ આગળ કરો ! તેથી બધાએ ખાધું. આ બીજી નિશાની પણ પૂરી થઈ. પછી થોડા દિવસો બાદ કોઈનું મૃત્યુ થયું, હઝરત નબીએ કરીમ (સલ.) દફન માટે બકીઅમાં હાજર હતા, આ પણ ત્યાં પહોંચ્યા અને આપ (સલ.) ની નજીક પહોંચીને પીઠની નજીક ગયા. હુઝૂર (સલ.) સમજી ગયા કે આ મુહરે નુબુવ્વત જોવા માંગે છે, આપ (સલ.) એ પોતાની ઉપરવાળી ચાદર હટાવી, આ મુહરે નુબુવ્વતને જોતા જ તેની ઉપર ઝુકીને ખુશી સાથે ચુંબન કરવા લાગ્યા, આ ત્રીજી નિશાની પણ પુરી થઈ, પછી સામે આવીને ઈસ્લામ કબૂલ કર્યો.

ત્યાર બાદ એક વખતે હુઝૂર (સલ.) એ તેમનાથી ફરમાવ્યું કે પોતાના માલિકથી અકદે કિતાબત કરી લો, "અકદે કિતાબત" નો અર્થ એ છે કે એ જમાનામાં અમુક ગુલામ પોતાના માલિકથી એવી રીતે મામલો કરી લેતા હતા કે હું તમને આટલી રકમ અથવા સોનુ–ચાંદી આપીશ, તેના બદલામાં તમે મને આઝાદ કરી દેશો, તેને અકદે કિતાબત કહે છે. અને એવા ગુલામને "મુકાતબ" , એ રકમ અદા કરી દીધા પછી તે આઝાદ સમજવામાં આવતો હતો, હુઝૂર (સલ.) ની હિદાયત પ્રમાણે હઝરત સલમાન (રદિ.) એ પોતાના માલિકથી વિનંતી કરી કે આપ મને મુકાતબ બનાવી લો, તે યહૂદી ખૂબ જ ઘડાયેલો હતો, યહૂદીએ કહ્યું કે ચાલીસ ઓકિયા સોનું આપો, તે લગભગ સાડા પાંચ કિલો થાય છે અને ખજૂરના ત્રણસો વૃક્ષો વાવો, જયારે તે મોટા થઈને ફળ આપવા લાગશે તો તમે આઝાદ સમજો, તેમણે આ મામલો નક્કી કરી લીધો અને આવીને હુઝૂર (સલ.) ને જાણ

કરી. હુઝૂર (સલ.) એ ફરમાવ્યું કે ઠીક છે, તેણે જે જમીનમાં છોડ લગાવવાના કહ્યા છે, ત્યાં ચાલો, માટે હુઝૂર (સલ.) તશરીફ લઈ ગયા અને ૨૯૯ છોડ આપે પોતાના હાથે લગાવ્યા અને એક હઝરત ઉમર (રદિ.) એ લગાવ્યો, ખજૂરનું કોઈ વૃક્ષ પહેલા વર્ષે ફળ નથી આપતું, લગભગ પાંચ વર્ષ પછી જ ફળ આપે છે, પરંતુ એ વૃક્ષોને એ જ વર્ષે ફળ આવી ગયા, પરંતુ જે છોડ હઝરત ઉમર (રદિ.) એ લગાવ્યો હતો તેમાં ફળ ન આવ્યા, હુઝૂર (સલ.) એ પૂછયું : તેમાં ફળ કેમ ન આવ્યા ? હઝરત ઉમર (રદિ.) એ અરજ કરી કે હે અલ્લાહના રસૂલ ! આ મેં લગાવ્યો હતો, હુઝૂર (સલ.) એ તેને પોતાના હાથે ઉખેડી બીજી વખતે લગાવ્યો, પછી એ જ વર્ષે તેમાં ફળ આવી ગયા, આ આપ (સલ.) નો મુઅજિઝો હતો, અકદે કિતાબતની એક શરત પૂરી થઈ ગઈ.

તે દિવસોમાં આપ (સલ.) ની ખિદમતમાં સોનાનો એક ટુકડો આવ્યો, આપ (સલ.) એ તેમને બોલાવ્યા અને કહ્યું કે જાઓ ! આ સોનું તમને કાફી થઈ જશે. હઝરત સલમાન (રદિ.) એ કહ્યું : હે અલ્લાહના રસૂલ ! કિતાબતની મિકદાર તો ઘણી છે, આ એટલું લાગતુ નથી, હુઝૂર (સલ.) એ ઈરશાદ ફરમાવ્યો કે જુઓ તો ખરા, શકય છે કે અલ્લાહ તઆલા તેનાથી કામ બનાવી દે. તેમણે જઈને વજન કર્યુ તો માંગેલુ વજન પુરૂં નિકળ્યું, એટલે અદા કરી દીધું અને તેમને આઝાદી મળી ગઈ. ટુંકમાં આ કિસ્સો અહીંયા સંક્ષિપ્તમાં બયાન કર્યો છે, કારણ કે આમાં મુહરે નુબુવ્વતનું વર્ણન છે. તેથી ઈમામ તિરમિઝી (રહ.) તેને અહીંયા લાવ્યા છે.

حين قدم المدينة રાવીએ હઝરત સલમાન ફારસી (રદિ.) ના વાકિયાને આ અંદાજથી બયાન કર્યો છે કે એક દિવસ પહેલી વખત થાળ લઈને આવ્યા, પછી બીજા જ દિવસે બીજી વખતે બીજો થાળ લઈને આવ્યા, એટલું ધ્યાનમાં રહે કે અહીંયા "કાલ" નો અર્થ એ નથી કે બીજા જ દિવસે થાળ લઈને આવ્યા, પરંતુ કાલથી મુરાદ ما بعد اليوم એટલે થોડા દિવસ પછી છે. એટલે બીજી વખત થાળ થોડા દિવસ પછી લઈને હાજર થયા હતા.

لا نأكل الصدقة અહીંયા હુઝૂર (સલ.) એ "અમે" કહીને પોતાની જાત મુરાદ લીધી છે. કયારેક બહુવચનનો શબ્દ એકવચન માટે પણ વપરાય છે. (૨) બીજો મત એ છે કે "અમે" બોલીને હઝરાતે અંબિયાએ કિરામ (અલૈ.) ની જમાત મુરાદ છે કે અમે હઝરાતે અંબિયાએ કિરામ (અલૈ.) સદકો નથી ખાતા. (૩) "અમે" બોલીને આપ (સલ.) એ "ખાનદાને બનૂ હાશિમ" મુરાદ લીધી છે, કારણ કે બનૂ હાશિમ માટે પણ સદકો હલાલ નથી અને તેને સહીહ કહ્યું છે. •••

## શરઈ માર્ગદર્શન
# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

સવાલ(૧): અમારી સંસ્થામાં છેલ્લા લગભગ ૫૦ વર્ષથી ગામના દાનવીર લોકો તરફથી ઉપરોકત બંને સંસ્થામાં જમીનો આપેલ છે. જેમણે જમીનો આપેલ છે તેમાંથી અમુક લોકો હાલમાં હયાત નથી / અમુક છે અને આ જમીનો જે તે વારસદારોના નામો ઉપર સરકારી દફતરે ચાલે છે આ પૈકી અમુક લોકો જે જમીન સંસ્થામાં આપેલ છે તેના બદલે બીજી જમીન આપી અદલા–બદલી કરવા જણાવે છે તો આપ સાહેબને જણાવવાનું કે શું આવી જમીન અદલાબદલી કરી શકાય ?

સવાલ (૨): ઉપરોકત સંસ્થામાં અમુક જમીનો સંસ્થાની માલીકીની હતી. (સરકારી દફતરે નહીં) પરંતુ સરકારના ટોચમર્યાદા વાળા કાયદા વખતે આ સંસ્થાની જમીનો ગામના વિશ્વાસુ, દીનદાર, અમાનતદાર લોકોના નામ ઉપર સંસ્થાએ ટોચ મર્યાદામાં ના જાય તે ઉમદા આશયથી ચઢાવેલ હતી. આ જમીનો ફકત તેમના નામ ઉપર છે.

આવી જમીનો પૈકી કોઈ ખાતેદાર યા વારસદાર અદલા બદલી કરવા માંગે તો કરી શકાય ?

સવાલ (૩): જે જમીનો સંસ્થાના ફકત કબજા હેઠળ છે હજુ સંસ્થાના નામે ચઢેલ નથી તેવી જમીનો ખાતેદારના નામ ઉપર હોય અને તે ખાતેદાર પોતાની બીજી જમીન સાથે અદલા બદલી યા વેચાણ લેવા માંગે તો તેવું કરી શકાય ?

નોંધઃ સંસ્થાની દુરની જમીન અથવા જમીનના નાના નાના ટુકડા અથવા બિનઉપજાવ જમીન વેચી આ રકમમાંથી નજીકની અને સારી ઉપરાંત મોટા બ્લોકમાં તબદીલ કરી શકાય ? આ વેચાણ કરેલ જમીનની રકમથી સંસ્થા માટે ટ્રસ્ટના નામ ઉપર ગામમાં/ગામ બહાર બીજી કોઈ મિલ્કત ખરીદી શકીએ ?

ઉપરોકત કોઈ પણ તબદીલી સંસ્થાનો ફાયદો નજર સમક્ષ રાખી કરવા માંગીએ છીએ ખુલાસાવાર જવાબ આપી આભારી થશો. એજ આશા.

જવાબ:– حامدا و امصليا و مسلما

વકફની મિલ્કતો વિશે ઈસ્લામનો અસલ દ્રષ્ટિકોણ વકફ કરેલ વસ્તુના હમેંશા

માટે વકફ હોવાનો છે. માટે સામાન્ય સંજોગોમાં તેનું વેચાણ કરવું અથવા બીજી વસ્તુથી તબ્દીલ કરવું દુરૂસ્ત નથી. હુઝૂરે અકરમ (સલ.) નું વકફ સંબંધિત ફરમાન છેઃ "ન તો તેને વેચી શકાય છે, ન તેની બક્ષીસ કરી શકાય છે અને ન તો તેમાં વારસા વહેંચણીનો નિયમ લાગુ થઈ શકે છે.'' આથી વકફની જાઈદાદો, જમીનો અને મિલ્કતોને તેની ભૂતકાળની સ્થિતિમાં બાકી રાખી તેને ઉપયોગી અને લાભદાયી બનાવવાની શકય તેટલી કોશીશ કરવામાં આવે અને આ માટે એવા ઠોસ અને લાભદાયી નિયમો જે તે ટ્રસ્ટ તરફથી ઘડવામાં આવે જેમાં અવકાફની મિલ્કતોની સંપૂર્ણ પણે હિફાઝત હોય અને વકફકર્તાઓના હેતુઓની રિઆયત સાથે અવકાફની મિલ્કતોની ઉપયોગીતામાં વધારો થાય. (નયે મસાઈલ ઓર ઉલમાએ હિન્દ કે ફેસલેઃ ૫૮)

મઝકૂર તફસીલથી માલુમ પડે છે કે, સામાન્ય હાલાત અને સંજોગોમાં વકફરૂપી જાઈદાદો અને જમીનોનું વેચાણ કરવુ અન્ય મિલકતોથી તબ્દીલ કરવું દુરૂસ્ત નથી. અલબત્તા ખાસ સંજોગોમાં ફુકહાએ કિરામે વકફરૂપી જમીનો અને જાઈદાદોની અન્ય સ્થાવર મિલ્કતોથી સીધી રીતે તબ્દીલ કરવાની અથવા વેચાણ કરી તેની કિંમતથી બીજી સ્થાવર મિલ્કતોમાં રૂપાંતર કરવાની પરવાનગી આપી છે. નીચે ખાસ સંજોગોવાળી સૂરતો લખવામાં આવે છે.

(૧) વકફ કરતી વેળા વાકીફે (વકફકર્તા)એ સ્વયં પોતાના માટે અથવા અન્ય કોઈ માટે વકફરૂપી મિલ્કતની તબ્દીલીની શર્ત કરી હોય.

(૨) વકફરૂપી મિલ્કતની તબ્દીલીની કોઈ શર્ત વાકીફે કરી ન હોય, પરંતુ વર્તમાન હાલતમાં તેનાથી ફાયદો ઉઠાવવાની કોઈ સૂરત બાકી રહી ન હોય.

(૩) વકફરૂપી મિલ્કતથી પ્રાપ્ત થતી આવક તે મિલ્કત પર થતા ખર્ચાઓથી પણ ઓછી હોય કે તેની ઉપજથી તેના ખર્ચાઓ પણ પૂર્ણ ન થતા હોય.

(૪) વકફરૂપી મિલ્કત પર કોઈએ નાજાઈઝ કબ્જો કરી લીધેલ હોય અને હવે તેને પરત લેવું શકય ન હોય અને કબ્જો કરનાર વ્યકિત આ મિલ્કતનો ઈવજ આપવા તૈયાર હોય.

(૫) એવી જ રીતે કોઈ વકફરૂપી મિલ્કત એવી હોય કે તેને તબ્દીલ ન કરવાની સુરતમાં નાજાઈઝ કબ્જો કરી લેવાનો સખત ભય હોય અને તબ્દીલી સિવાય અન્ય કોઈ માર્ગ તેના બચાવનો ન હોય. આ તમામ સુરતોમાં વકફરૂપી મિલ્કતોની તબ્દીલી નીચેની શર્તો આધીન દુરૂસ્ત છે.

(શામીઃ ૬/૫૮૩,૫૮૪,૫૮૮, કિતાબુન્નવાઝિલઃ ૧૩/૧૬૦ ઉપરથી)

જયારે મઝકૂર સ્થિતિમાંથી કોઈ સ્થિતિ વકફમાં તબ્દીલીની ઉભી થાય તો તે પરિસ્થિતિમાં તબ્દીલીનો નિર્ણય લેવા માટે ગામના ઈમાનદાર, અમાનતદાર, દીનદાર અને વકફના મસાઈલના આલિમ લોકોની એક જમાઅત તૈયાર કરવામાં આવે જેની સંખ્યા ઓછામાં ઓછી ત્રણ હોય, આ જમાઅત જે તે વકફરૂપી મિલ્કતની તબ્દીલીના કાર્ય કારણો વિશે વિચાર વિમર્શ કરે કે વાસ્તવિકરૂપે શરીઅતે આપેલ ગુંજાઈશ વાળી સુરતોમાં આવે છે કે નહી ? જો આવતી હોય તો તેની વ્યાજબી ધોરણે બજાર વેલ્યુ થી કિંમત આંકી તે મુજબ તેની તબ્દીલીનો ફેસલો કરવામાં આવે. તબ્દીલી પણ જો સીધી રીતે સ્થાવર મિલ્કત સાથે બજાર વેલ્યુ સામે રાખી થઈ શકતી હોય તો તેને જ ઈખ્તિયાર કરવામાં આવે અને જો સ્થાવર મિલ્કતથી તબ્દીલી સીધી રીતે શકય ન હોય તો તેને બજાર વેલ્યુથી વેચાણ કરવામાં આવે અને ઈવજમાં આવેલ કિંમતથી તુરંત જ બીજી સ્થાવર મિલ્કત ખરીદ કરી લેવામાં આવે અને તેને વકફ શુમાર કરવામાં આવે. (નયે મસાઈલઃ ૬૦ ઉપરથી) હવે આપના સવાલોના જવાબ લખવામાં આવે છે.

(૧)–(૩) ઉપર જવાબના પ્રારંભમાં પ્રસ્તાવના રૂપે લખવામાં આવેલ ખાસ સંજોગોમાંથી કોઈ સંજોગ અને સ્થિતિ સવાલ (૧), (૨) અને (૩)માં દર્શાવેલ સૂરતોમાંથી જે સૂરતમાં લાગુ થતી હોય તે સ્થિતિ અને હાલતમાં જવાબમાં બતાવેલ રીતને અનુસરીને તબ્દીલી કરવી દુરૂસ્ત છે, નહીં તો નહીં.

જમીનના જે જે ટુકડાઓ (પછી તે નાના હોય કે મોટા) ઉપજપાત્ર હોય અને ઉપજ તેના ખર્ચાથી વધુ હોય એવા ટુકડાઓની તબ્દીલી દુરૂસ્ત નથી, અલબત્તા જે ટુકડાઓ વેરાન હોય, તેનાથી કોઈ પણ રીતે ફાયદો ઉઠાવવુ શકય ન હોય તેની તબ્દીલી ઉપર લખેલ તફસીલથી કરવી દુરૂસ્ત છે.

યાદ રહે કે જે ખેતરો તેના માલિકો તરફથી મૌખિક રીતે વકફ કરવામાં આવેલ છે, તે વકફ જ શુમાર થશે, ભલે તે વકફમાં દફતરે નોંધણી થયેલ ન હોય અને મૂળ વકફ કરનાર અથવા બીજા કોઈના નામે હોય, એવી જ રીતે જે વકફના ખેતરોને મસ્લેહત ખાતર કોઈના નામે કરેલ હોય, તે પણ વકફ જ છે, પોતાના પૂર્વજ, બાપ–દાદાના નામે હોવાના લઈ, તેઓના સગા–સ્નેહીઓને તેમાં લેશ માત્ર આવા વકફના ખેતરોમાં તસર્રુફ તથા ફેરફાર કરવાનો અધિકાર રહેશે નહીં,

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

૧૪/જમા.અવ્વલ/૧૪૩૯ હિજરી સન

## બોધ કથા

એક ઘણી મશહૂર વાર્તા છે : એક નાવડીમાં બે વિદ્વાનો સફર કરી રહયા હતા. એક ફિલોસોફર હતો અને બીજો ગણિતજ્ઞ. અને ત્રીજો હતો ખલાસી. ત્રણેવ એક બીજાને ઓળખતા ન હતા. ખલાસી અભણ હોય એ જાહેર જ હતું. એટલે ફિલોસોફરે ગણિતજ્ઞ ઉપર પોતાની કાબેલિયતનો રોફ બતાવવા ખાતર ખલાસીને સંબોધીને કહયું કે તમે કંઈ ફિલસૂફી ભણ્યા છો ? એણે કહયું કે, ના ભાઈ, હું તો અભણ છું. એટલે ફિલોસોફર છાતી ફૂલાવીને બોલ્યો : અફસોસ. ફિલોસોફી ન શીખીને તમારી જિંદગીનો મોટો ભાગ તમે બેકાર કરી દીધો. થોડીવારે ગણિતજ્ઞને ચણ ઉપડી કે પોતાનો રોફ જમાવે, એટલે ખલાસીને પૂછયું : તમે ગણિત ભણ્યા – ગણ્યા છો ? ખલાસીએ નકારમાં જવાબ આપ્યો એટલે એ કહેવા લાગ્યો કે અફસોસ તમારી અડધી જિંદગી બેકાર ગઈ.

થોડી વાર થઈ એટલે ખલાસીએ બંનેને પૂછયું : વિદ્વાનો ! તમને તરતાં આવડે છે ? બંનેએ કહયું કે, ના, અમને તરતાં નથી આવડતું. પણ તારે કેમ પૂછવું પડયું ? ખલાસીએ કહયું કે, મને દૂર સમુદ્રમાં તોફાન દેખાય રહયું છે, અને જેને તરતાં આવડતું હશે એની જ જિંદગી કામની છે, નહીં આખી જિંદગી આ જે ખતમ થઈ જવાની છે. બંનેના મોંઢે પોતાનું અપમાન એણે સાંભળ્યું હતું એટલે સીધું જ કહી દીધું કે હું તમને બચાવવાનો નથી.

વાર્તાનો સાર આ છે કે જ્ઞાન, વિદ્યા, કળા અને હુનરના કોઈ એક કે બે વિષયોમાં પૂર્ણતા, કાબેલિયત કે મહારથનો મતલબ એ નથી કે માણસ બીજા વિષયને કે એના વિદ્વાનને ઓછો આંકે, એનું સન્માન ન કરે કે મહત્વનો ઈન્કાર કરે. બલકે અનેક ક્ષેત્રે કાબેલ માણસ પણ એક સમયે બધા ક્ષેત્રે કામ કરી શકતો નથી. મશીનો અને મિસાઈલ બનાવનાર વૈજ્ઞાનિક અને માટલા બનાવનાર કુંભાર.. બંને પોતાના વિષયના કાબેલ છે અને બંનેએ એકબીજાની કદર કરવી રહી. એ જ સંસ્કાર અને સદગુણ છે. કાબેલિયત સાથે અભિમાન વિનાશને નોતરે છે. આપણે પણ આજે કંઈક આવી જ સ્થિતિનો સામનો કરી રહયા છે. મુસલમાનો પાસે કાબેલ લોકો છે. રિટાયર્ડ અધિકારીઓ, જજ, પ્રોફેસરો, પ્રધાનો અને ઉલમા.. દીન અને દુનિયાના બધા જ ક્ષેત્રના વિદ્વાનો છે, પણ બધા જ પોતાના દાયરામાં બંધ છે અને બીજાને ઓછા આંકે છે. રાહ જુએ છે કે સમાજ અમારી કદર કરવા આગળ આવે, સંસ્થાઓ મને માથે બેસાડે. વગેરે. મુસલમાનોની વર્તમાન પડતી અને પછાતપણાનું એક કારણ આ પણ છે.

# The Value of Wellness (Aafiyat)

Wellness is so valuable and very important for a man mostly for a Muslim to live as a true slave of Allah.

When the wellness is taken away, then we will know how great a blessing is it. ...

A poor person in the area of the rich. He said to his wise friend: "Dear! Where were we when Allah Ta'ala was distributing these houses, cars?.. The friend took him to the hospital... There were crying everywhere, sick people... No one could breathe and some one was vomiting blood.. Someone suffering from cancer. If there is someone deprived of his limbs... He said: "O my dear ! Where were we when Allah Ta'ala was distributing these diseases?... Now the greedy friend of the palaces was roaring with shame, O Allah! Wellness (Afiyat) is great gift.. If there is peace, then everything is there...and if it is taken away than everything will be untasty.

That's why "Dua is an emphasis on prosperity." If there is no happiness in religion, man sinks into sin, temptation and misguidance, and if there is no happiness in the world, man falls into calamities, troubles, diseases and sufferings.

May Allah grant us the "beauty" of wellness... Someone said well that... with wellness, little good is great, while without wellness, much good becomes little, with wellness, a little respect is also great. There is a lot of respect without affidavit. Dozens of meals on the table... Garages full of cars... Bank balances are eligible. Servant is present. But when the wall of the heart is closed, everything becomes poison... Our heart is also in need of wellness and our

religion is also in need of wellness...

That is why Hazrat Prophet (PBUH) shined on the pulpit... and said tearing of pain in his beautiful eyes : Ask Allah Subhanahu Wa Taala for forgiveness and healing. I wish! May the tears of Hazrat Mohsin Azam Salim affect our hearts... and after we have lost many blessings in our religion, our world and our bodies... do not hesitate anymore to ask for forgiveness and welness , it is not far off that If we sincerely start the process of asking for forgiveness and welness, then we will be saved a lot... and what has been taken away will be returned... and the times and destinations that will come.

This is the critical need and requirement of time. May Allah bless me and all of you with pure forgiveness, pure health and pure forgiveness.

For this, let us ask Allah Almighty for forgiveness and well-being abundantly...

ALLAHUMMA INNEE ASALUKAL AFWA WAL AFIYATA
WAL MUAAFATA FIDDUNIYA WAL AAKHIRAH.
ALLAHUMMA INNEE ASALUKA TAMAMAL AFIYAH WA
ASALUKA DAWAMAL AFIYAH WA ASALUKASSHUKRA
ALAL AFIYAH WA ASALUKAL GINA ANINNAS WALA
HAWLA WALA QUWWAT ILLAH BILLAH

Let us adopt the well-being prayer... and convey it to as many Muslims as possible... Encourage them to remember, understand and recite this supplication after morning and evening prayers... Let us tell them that this is a supplication which even our master Hazrat Muhammad (PBUH) did not utter. ... he organized it every morning and evening . ■ .

**કામ અને બદલો**

દુનિયા કામની જગ્યા છે, ફળ આખિરતમાં મળશે. માટે કોઈ દુન્યવી બદલાની આશા વગર નેકીઓ કરવી, જેથી આખિરતમાં એનું ફળ મળે.

**સબ્રના પ્રકાર**

સબ્ર બે પ્રકારના હોય છે. મુસીબતો ઉપર સબ્ર કરવો નાનો દરજો છે. અને અલ્લાહ તઆલાએ મના કરેલ વસ્તુઓથી બચવા ખાતર દિલને મજબૂત રાખવું સબ્રનો ઊંચો દરજો છે.

**કુરઆન**

કુરઆન હિદાયતની રોશની છે. ઈલ્મનો ખઝાનો છે. અને અલ્લાહ તઆલાની એવી તાજી મહેકતી કિતાબ છે કે એના વડે આંધળી આંખો, બહેરા કાન અને દિલના બંધ દરવાજાઓ ખુલી જાય છે.

**માલનો શુક્ર**

માલની નેઅમતનો શુક્ર આ છે કે માલમાંથી ઝકાત અદા કરવામાં આવે અને અન્ય નફલ સદકાઓ પણ કરવામાં આવે.

**નાશુક્રી**

શેખ સાદી રહ.ને કોઈએ પૂછયું કે શું હાલ છે ? એમણે જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાની નેઅમતો ખાયને દાંત તૂટી ગયા, પણ ઝબાન હજુ પણ નાશુક્રી કરે છે.

**જિંદગીનો મકસદ**

જિંદગીનો મકસદ અલ્લાહના હુકમો ઉપર અમલ કરવો અને કરાવવો છે.

**ઈમાન ઉપર મોત**

મુસલમાનો મોત તો ઈમાન ઉપર માંગે છે પણ જિંદગી ઈમાન ઉપર ગુઝરે એની કોઈ કોશિશ કે ફિકર નથી કરતા.

**નસીહતની વાતો**

માણસ નસીહતની વાતોને કદી ધ્યાનથી નથી સાંભળતો. પણ કોઈની ગીબતની વાતો ઘણા ધ્યાનથી સાંભળે છે. નસીહતમાં ફાયદો અને ગીબતમાં સરાસર નુકસાન છે છતાં પણ..

**ભલાઈ કે બુરાઈ**

કોઈને એકાંતમાં નસીહત કરવી એની ભલાઈ છે, એનાથી એ સુધરશે અને વધુ સુંદર બનશે. અને બધાની સામે કોઈને નસીહત કરવી એની બદનામી છે. એનાથી એ વધારે ખરાબ થઈ શકે છે.

**હથિયાર**

ખ્વાહિશ અને શોખ શયતાનના હથિયારો છે, જેનાથી એ માણસનો શિકાર કરે છે. અને સબ્ર માણસનું હથિયાર છે, જેનાથી શયતાનને કાબૂમાં રાખી શકાય છે.

# હઝ. ઉમર રદિ.નો તકવો

એકવાર હઝ. ઉમર રદિ.એ એમના નાના દીકરાના હાથમાં કાંસાનો એક ટુકડો જોયો. નાનો ટુકડો હતો અને આ કાંસાનો ધાતુનો હતો એટલે એની કોઈ વિશેષ કીમત પણ ન હતી.

અલબત્ત દીકરાના હાથમાં કોઈ નવી વસ્તુ જોઈને હઝ. ઉમર રદિ.ને થયું કે આ તો ઘરની વસ્તુ નથી, એ કયાંથી લાવ્યો હશે ? એટલે તુંરત દીકરાને પૂછયું કે ધાતૂનો આ ટુકડો કયાંથી લાવ્યો છે ? દીકરાએ જવાબ આપ્યો કે અબ્બાજાન ! આ ટુકડો મને બયતુલ માલ (સરકારી ખઝાના)ના વહીવટકારે આપ્યો છે.

હઝ. ઉમર રદિ. ત્યારે અમીરુલ મુઅમિનીન હતા, દીકરાને લઈને પોતે સરકારી ખઝાનાના એકાઉન્ટન્ટ પાસે પહોંચ્યા, એને પોતાની પાસે બોલાવ્યો નહીં. ત્યાં પહોંચીને એને પૂછયું કે મારા બાળકને આ ટુકડો આપવાનું તને કોણે કહયું હતું ? અને આ ટુકડો તારી પાસે કયાંથી આવ્યો હતો ?

એણે જવાબ આપ્યો કે મેં સરકારી ખજાનાનો હિસાબ કર્યો તો બધો માલ સોના ચાંદી વગેરેનો છે. ફકત આ એક ટુકડો કાંસાનો હતો. એટલે મેં આ ટુકડો તમારા દીકરાને આપી દીધો.

આ સાંભળતા જ હઝ. ઉમર રદિ.નો ચહેરો લાલઘુમ થઈ ગયો. એને કહેવા લાગ્યા : તારી મા તારું માતમ કરે. મુસલમાનોના આટલા બધા ઘરોમાંથી હરામ માલ ખાનારું તને ફકત મારું જ ઘર દેખાયું ? આ ટુકડો લ્યો અને એને એના સ્થાને મુકો.

———————————————